| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010033882025 | | રજૂ તારીખ | ૦૩/૦૯/૨૦૨૫ | | |
| | | નોંધ્યા તારીખ | ૦૩/૦૯/૨૦૨૫ | | |
| | | **ફેંસલ તારીખ** | **૦૮/૦૪/૨૦૨૬** | | |
| | | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૭ | ૦૬ |

નામદાર સુપ્રિમકોર્ટનાં **SUOO MOTO WRIT (CRL)NO.(S)**1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર-**VI** નાં 179 **A** અન્વયેનાં નોટીફિકેશન નં.સી-૨૦૦૧-૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રર્ફોમાં મુજબ

**FORM-A**

**બનાસકાંઠાના મહે. સ્પેશ્યલ (પોકસો) અને બીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

## સ્પેશ્યલ (પોકસો) કેસ નંબર : ૨૬/૨૦૨૫

**પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૦૨૩૦૪૨૫/૨૦૨૩**

**એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :-**

| | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે. ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૯૫૦૧૦૨૩૦૪૨૫/૨૦૨૩ |
| **ગુન્હો** | ઇ.પી.કોડ કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ- ૪ અને ૬ મુજબ |
| **તહોમતનાંમાં મુજબ તહોમત** | .પી.કોડ કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ- ૪ અને ૬ મુજબ |
| **ફરિયાદી** | **શ્રી સરકાર (મુળ ફરિયાદી)** |
| વિ. એડી.પી.પી.. | **શ્રી ડી.એચ. છાપીયા** |
| **આરોપી** | **રેવાભાઇ રાજાભાઇ કોદરાવી**<br>ઉ.વ. ૨૦, ધંધો – ખેત મજુરી,<br>રહે. કોદરવી ફળી, વાઘડાચા, પેથાપુર, તા. દાંતા,<br>જિ. બનાસકાંઠા હાલ રહે. દીગડી, તા. પાટણ, જિ. પાટણ |
| **આરોપી તરફે** | **શ્રીમતી જે.એચ. દવે**<br>**ડે. ચીફ લીગલ એઇડ ડિફેન્સ કાઉન્સેલ, પાલનપુર** |

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

# FORM–B

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ** | તા. ૨/૦૫/૨૦૨૩ ના કલાક ૨૧–૦૦ થી તા. ૦૩/૦૫/૨૦૨૩ ના કલાક ૫–૦૦ ના સમયગાળા દરમ્યાન હરકોઈ વખતે |
| **ફરિયાદની તારીખ** | તા. ૨૫/૦૫/૨૦૨૩ ના કલાક ૧૫–૦૦ વાગે |
| **ચાર્જશીટની તારીખ** | તા. ૦૩/૦૯/૨૦૨૫ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | તા. ૧૨/૦૯/૨૦૨૫ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | તા. ૧૮/૦૯/૨૦૨૫ |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | તા. ૦૮/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તા. ૦૮/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | તા. ૦૮/૦૪/૨૦૨૬ |

**<u>આરોપીની વિગત</u> ::–**

| આરોપી નંબર | આરોપી નું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુર દાર ? | શું સજા કરી ? | ક્રિ પ્રો. કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલ છે ? |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | રેવાભાઇ રાજાભાઇ કોદારવી | તારીખ ૧૧/૦૭/ ૨૦૨૫ | – | ઈ.પી.કોડ કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ– ૪ અને ૬ મુજબ | **કસુરદાર** | **હુકમ મુજબ** | |

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

# FORM–ૃ

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ ::–

(એ) ફરિયાદપક્ષ તરફે ::–

–:: મૌખિક પુરાવા ::–

| ક્રમ | ફરિયાદપક્ષે તપાસેલ સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | ડોકટર આઇસા મોહંમદ રફીક મેમણની જુબાની | ૦૯ |
| ૨. | પંચ મુળચંદભાઇ કેસાભાઇ સલાટની જુબાની | ૧૬ |
| ૩. | પંચ શેરૂભાઇ મોરારીભાઇ બાવરીની જુબાની | ૧૮ |
| ૪. | પંચ મનિષાબેન ગણેશભાઇ ચૌધરીની જુબાની | ૧૯ |
| ૫. | પંચ સંજયભાઇ સવરામભાઇ પટેલની જુબાની | ૨૬ |
| ૬. | ફરિયાદી/ભોગબનનારની માતાની જુબાની | ૩૨ |
| ૭. | સાહેદ/ભોગબનનારના પિતાની જુબાની | ૩૪ |
| ૮. | ભોગબનનાર/વિકટીમ ની જુબાની | ૩૫ |
| ૯. | સાહેદ મનિષભાઇ ગંગારામભાઇ પટેલની જુબાની | ૩૭ |
| ૧૦. | સાહેદ અંકીતભાઇ ગંગારામભાઇ પટેલની જુબાની | ૩૮ |
| ૧૧. | સાહેદ રણજીતસિંહ પરબતસિંહ રાણાની જુબાની | ૩૯ |
| ૧૨. | સાહેદ અમરતભાઇ નાગજીભાઇ રબારીની જુબાની | ૪૦ |
| ૧૩. | સાહેદ ગણેશભાઇ સરદારભાઇ ચૌધરીની જુબાની | ૪૧ |
| ૧૪. | સાહેદ દિનેશભાઇ મોહનભાઇ પટેલની જુબાની | ૪૨ |
| ૧૫. | સાહેદ ભેમાભાઇ રાજાભાઇ કોદરવીની જુબાની | ૪૫ |
| ૧૬. | સાહેદ મંજુબેન વા/ઓ ભેમાભાઇ રાજાભાઇ કોદરવીની જુબાની | ૪૬ |
| ૧૭. | પી.એસ.ઓ. રણજીતસિંહ ચતરસિંહ ગેલોતની જુબાની | ૪૯ |
| ૧૮. | ત.ક.અધિકારી મેઘલાતર બ્રિજેશકુમાર પ્રતાપભાઇની જુબાની | ૫૩ |
| ૧૯. | ત.ક.અધિકારી ગોહીલ રવિરાજસિંહ બટુકસિંહની જુબાની | ૭૪ |
| ૨૦. | ડોકટર હર્ષદકુમાર ડાહયાલાલ વૈધની જુબાની | ૯૫ |

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

**(બી) બચાવપક્ષે સાહેદો જો હો તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદોદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંક પડેલા દસ્તાવેજી પુરાવાઓ :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાના કામે આરોપીની મેડીકલ તપાસણી તથા ડી.એન.એ. સેમ્પલ લઇ સર્ટી આપવા બાબતની મેડીકલ ઓફીસરશ્રી, પાલનપુરને કરેલ યાદી | ૧૦ |
| ૨. | ગુનાના કામે આરોપીની મેડીકલ તપાસણી કરી સર્ટી આપવા બાબતની મેડીકલ ઓફીસર, પાલનપુરને કરેલયાદી | ૧૧ |
| ૩. | આરોપીનું પ્રાથમિક મેડીકલ સર્ટીફીકેટ | ૧૨ |
| ૪. | ગુનાના કામે ભોગબનનારની મેડીકલ ચકાસણી કરી બળાત્કાર લગત નમુના લેવા તથા ભોગબનનારનું તથા તેના બાળકનું ડી.એન.એ. ટેસ્ટ સેમ્પલ લઇ સર્ટી આપવા બાબતની મેડીકલ ઓફીસરશ્રી, પાલનપુરને કરેલ યાદી | ૧૩ |
| ૫. | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ (એમ.એલ.સી. નં. ૩૫૩૪/૨૦૨૫) | ૧૪ |
| ૬. | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ (એમ.એલ.સી. નં. ૩૫૩૩/૨૦૨૫) | ૧૫ |
| ૭. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૧૭ |
| ૮. | પંચોની સહી વાળી કાપલીઓ | ૨૦થી૨૨ |
| ૯. | પંચોની સહી વાળી કાપલીઓ | ૨૩થી૨૪ |
| ૧૦. | ભોગબનનાર તથા આરોપીની શરીરસ્થિતિનું તથા કપડાં કબજે કર્યાનું પંચનામું | ૨૫ |
| ૧૧. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૨૭ |
| ૧૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૮ |

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

| | | |
|---|---|---|
| ૧૩. | ફરિયાદ | ૩૩ |
| ૧૪. | સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનું ભોગબનનારનું મેજીસ્ટ્રેટશ્રી રૂબરુનું નિવેદન | ૩૬ |
| ૧૫. | સુચીપત્ર | ૫૦ |
| ૧૬. | આરોપીનું જન્મનુ પ્રમાણપત્ર મેળવવા માટે આચાર્યશ્રી, વાઘડાચા પ્રાથમિક શાળાના આચાર્યશ્રીને ઉદ્દેશીને કરેલ યાદી | ૫૧ |
| ૧૭. | સરકારી પંચ ફાળવવા બાબતે નાયબ વનસંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિસ્તરણ કચેરી, પાલનપુરને કરેલ યાદી | ૫૪ |
| ૧૮. | કલમ વધારાનો રીપોર્ટ | ૫૫ |
| ૧૯. | સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન લેવડાવવા કોર્ટમાંથી થયેલ હુકમ | ૫૬ |
| ૨૦. | સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન (બંધ કરવમાં) અને તે અંગેનો હુકમ | ૫૭ |
| ૨૧. | સરકારી પંચ ફાળવવા બાબતે કાર્યપાલક ઇજનેરશ્રી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા કચેરી, પાલનપુર ને કરેલ યાદી | ૫૮ |
| ૨૨. | સરકારી પંચ ફાળવ્યા તે બાબતની પોલીસ ઇન્સ્પેકટરશ્રી (એએચટીયુ) પાલનપુરને કરેલ યાદી | ૫૯ |
| ૨૩. | તપાસના કામે આરોપીનો ડી.એન.એ. ટેસ્ટ કરાવવા પાલનપુર કોર્ટને લખેલ યાદી | ૬૦ |
| ૨૪. | ભોગબનનારનું ડી.એન.એ. સેમ્પલ લેવડાવવા ભરેલ ફોર્મ | ૬૧ |
| ૨૫. | ભોગબનનારના બાળકનું ડી.એન.એ. સેમ્પલ લેવડાવવા ભરેલ ફોર્મ | ૬૨ |
| ૨૬. | આરોપીનું ડી.એન.એ. સેમ્પલ લેવડાવવા ભરેલ ફોર્મ | ૬૩ |
| ૨૭. | રવાનગી પત્રક | ૬૪ |
| ૨૮. | રવાનગી પત્રક | ૬૫ |
| ૨૯. | આરોપી તથા ભોગબનનારનું તથા તેના દિકરાનું ડી.એન.એ. સેમ્પલ લેવા બાબત યાદી | ૬૬ |
| ૩૦. | એફ.એસ.એલ. અમદાવાદની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૬૭ |
| ૩૧. | એફ.એસ.એલ. અમદાવાદની મુદ્દામાલ મળ્યા અંગેની | ૬૮ |

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

| | | |
|---|---|---|
| | પહોંચ | |
| ૩૨. | બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ | ૬૯ |
| ૩૩. | એફ.એસ.એલ. અમદાવાદનો પત્ર | ૭૦ |
| ૩૪. | ગુનાની તપાસ મળ્યાનો હુકમ | ૭૧ |
| ૩૫. | ડી.એન.ટેસ્ટનો રીપોર્ટ | ૭૨ |
| ૩૬. | ભોગબનનારના આધારકાર્ડની નકલ | ૭૫ |
| ૩૭. | ભોગબનનાર તથા આરોપીની તપાસમાં રહેવા જિલ્લા ના તમામ થાણા અધિકારીશ્રીને કરેલ ઇ–મેઇલ મેસેજ | ૭૬ |
| ૩૮. | ગુમ થનારની બહોળી પ્રસિધ્ધી થવા બાબતની પોલીસ અધિક્ષકશ્રી, બ.કાં., પાલનપુરને કરેલ યાદી | ૭૭ |
| ૩૯. | વ્યકિત/બાળક ગુમ થાય ત્યારે ભરવાનું પત્રક | ૭૮ |
| ૪૦. | ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર મેળવવા આચાર્યશ્રી પારપડા પ્રાથમિક શાળાને લખેલ યાદી | ૭૯ |
| ૪૧. | ભોગબનનારનો ફોટોગ્રાફ | ૮૦ |
| ૪૨. | વાઘડાચા પ્રાથમિક શાળા, તા. દાંતા નાઓએ આપેલ આરોપીનું જન્મ પ્રમાણપત્ર | ૮૧ |
| ૪૩. | પારપડા પ્રાથમિક શાળાએ આપેલ ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર | ૮૨ |
| ૪૪. | ના. કોર્ટમાંથી આરોપીનું સી.આર.પી.સી. કલમ–૭૦ મુજબનું વોરંટ ઇસ્યુ કરવા બાબતની યાદી | ૮૩ |
| ૪૫. | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા બાબતની યાદી | ૮૪ |
| ૪૬. | સી.ડી.આર. પ્રર્ફોમા | ૮૫થી૮૯ |
| ૪૭. | કોલ ડીટેઇલ રેકર્ડ | ૯૦ |
| ૪૮. | ભોગબનનારના પુત્રના જન્મનું પ્રમાણપત્ર | ૯૧ |
| ૪૯. | હોસ્પિટલનો જનરલ રજીસ્ટરનો ઉતારો | ૯૭ |
| ૫૦. | ભોગબનનારના પુત્રના જન્મનો દાખલો | ૯૮ |
| ૫૧. | દર્દીની માહિતી અંગેના કાર્ડ | ૯૯–૧૦૦ |

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

**બચાવપક્ષ તરફે આંક પડેલા દસ્તાવેજો ::–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો ::–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**<u>નોંધ</u> :–** **નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાનમાં લઇને તેમજ કાયદાની જોગવાઇ અનુસાર આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. પરંતુ તેના નામની જગ્યાએ ''ભોગબનનાર'' એવા શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.**

**–:: ચુ કા દો ::–**

-

**(૧) <u>આરોપી વિરૂધ્ધનું તહોમત</u> :–**

ફરિયાદીએ તા. ૦ર/૦પ/ર૦ર૩ ના કલાક ર૧–૦૦ થી તા. ૦૩/૦પ/ર૦ર૩ ના કલાક ૫–૦૦ ના સમયગાળા દરમ્યાન હરકોઇ વખતે બનેલ બનાવની ફરિયાદ તા. રપ/૦પ/ર૦ર૩ ના કલાક ૧પ–૦૦ વાગ્યે પાલનપુર સીટી પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આઇ. શ્રી આર.બી. ગોહિલ રૂબરૂ નોંધાવતાં, સદર ફરિયાદ આધારે પી.એસ.ઓ. એ પાલનપુર સીટી પશ્ચિમ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૧૯૫૦૧૦ર૩૦૪રપ/ર૦ર૩, ઇ.પી.કોડ કલમ – ૩૬૩,૩૬૬,૩૭૬(ર)(એન),૩૭૬(૩),૫૦૬(ર) તથા પોકસો એકટ કલમ – ૪ અને ૬ મુજબ નોંધવામાં આવેલ છે.

**(ર) <u>ફરિયાદની વિગત</u> :–**

**(એ)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી તેના પતિ તથા બાળકો સાથે પાલનપુર પારપડા રોડ દિનેશભાઇ પટેલના

ખેતરે રૂપપુરા ગામની સીમમાં રહે છે અને ઘરકામ તથા તેમના પતિ સાથે ખેતી કામ મજુરીમાં મદદ કરે છે. ફરિયાદીને સંતાનમાં ત્રણ દિકરી તથા બે દિકરા છે, જેમાં સૌથી મોટી દિકરી ભોગબનનાર જે ઉ.વ. ૧૪ વર્ષ ૦૪ માસ અને ૦૨ દિવસ (જન્મ તારીખ ૦૧/૦૧/૨૦૦૯) ની છે, જેને પારપડા ગામે પ્રાથમિક શાળામાં ધોરણ-૬ સુધી અભ્યાસ કરેલ છે અને હાલમાં ઘરકામ કરે છે. ફરિયાદી અને તેમના પતિ તથા બાળકો સાથે છેલ્લા સાત વર્ષથી અલગ અલગ માલિકોના ખેતરે ખેતી કામ કરતા હતા અને છેલ્લા એક વર્ષથી દિનેશભાઇ પટેલ રહે. રૂપપુરા વાળાના ખેતરે તેમના પતિએ ખેતીમાં ભાગ રાખેલ હોય જેથી તેઓ બધા તેમના ખેતરમાં ખેત મજુરી કામ કરે છે અને દિનેશભાઇ પટેલના ખેતરમાં બનાવેલ પતરાવાળા ઢાળીયામાં તેમના બાળકો સાથે રહે છે.

(બી) વધુમાં, ફરિયાદીની ફરિયાદ હકીકત મુજબ તા. ૦૨/૦૫/૨૦૨૩ ના સવારથી સાંજ સુધી તેઓ તથા તેમના પતિએ આખો દિવસ ખેતરમાં એરંડા વીણવાનું કામ કરેલ અને સાંજે સાતેક વાગ્યે આવી જમી પરવારી રાત્રીના આશરે નવેક વાગ્યાના સુમારે તેઓ તથા તેમના પતિ તથા તેમના પાંચેય બાળકો તેમના રહેણાંક ખુલ્લા ઢાળીયામાં બાજુ બાજુમાં ખાટલાઓમાં સુઇ ગયેલા, અને સવારે આશરે પાંચેક વાગ્યાના સુમારે ફરિયાદી ઉઠેલ અને જોયેલ તો તેમની મોટી દિકરી ભોગબનનાર ખાટલામાં હાજર જણાયેલ નહી. જેથી ફરિયાદીને થયેલ કે કદાચ કુદરતી હાજતે ગયેલ હશે જેથી આવી જશે પરંતું આશરે અડધા કલાક સુધી પણ તેમની દિકરી ભોગબનનાર ના આવતાં, ફરિયાદીએ તેમના પતિને જગાડી વાત કરેલ, જેથી ફરિયાદી તથા તેમના પતિ એ તેમની દિકરી ભોગબનનારની એરંડાના ખેતરમાં તથા આજુબાજુ તેમજ પારપડા રોડે તપાસ કરેલી પણ તેની કોઇ ભાળ મળેલ નહી. જેથી ફરિયાદી તથા તેમના પતિએ પાલનપુર બજારમાં આખો દિવસ તેમની ભોગબનનાર દિકરીની

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

તપાસ કરતાં તેમની દિકરીની કોઇ માહિતી ના મળતાં તેમના શેઠ દિનેશભાઇ પટેલનો સંપર્ક કરતાં, જેઓ પાલનપુર ખાતે હાજર ના હતા અને હરીધ્વાર ગયેલ હોય તેઓને ફોન ઉપર આ બનાવની હકીકત જણાવતાં, તેમના શેઠ દિનેશભાઇએ તેઓને કહેલ કે તમો કોઇ ચિંતા કરતા નહી અને તમારા સગાઓમાં તપાસ કરાવો. જેથી તેમના સગાઓમાં આ બનાવ બાબતે ખબર પડી જશે તો સમાજમાં તેમની આબરૂ જશે તેવા ડરથી તેઓએ તેમની દિકરી ભોગબનનાર ની કોઇ તપાસ કરેલ નહી. પરંતું અઠવાડીયા પછી તેમના શેઠ હરિધ્વારથી ઘરે આવતાં તેઓને રૂબરૂ મળી બનાવ બાબતે વાત કરતાં, તેઓએ તેમને જણાવેલ કે તમોને આ બનાવ બાબતે કોઇના ઉપર કોઇ શંકા હોય તો બોલો, જેથી ફરિયાદી તથા તેમના પતિએ દિનેશભાઇને જણાવેલ કે, તેમના ખેતરની બાજુના ખેતરવાળા મનીષભાઇ પટેલના ખેતરે ટ્રેકટર ઉપર ડ્રાઇવર છે તે ઘણીવાર ખેતરે જતા આવતા તેમની દિકરી ભોગબનનાર સાથે વાતચીત કરતો હતો અને તેના નામ ઠામની તેઓને ખબર નથી પણ તેના ઉપર તેઓને શંકા છે તેમ જણાવતાં, તેમના શેઠ દિનેશભાઇ મનીષભાઇ પટેલના ખેતરે ગયેલા અને મનીષભાઇને કહેલ કે તમો તમારા ટ્રેકટરનો કેવો ડ્રાઇવર રાખો છો કે તેમના ભાગીયાની દિકરી ભોગબનનારને તમારો ડ્રાઇવર લઇને જતો રહેલ છે. જેથી મનીષભાઇએ કહેલ કે તેમને આ બાબતે કઇ ખબર નથી પણ ડ્રાઇવર હમણાંથી આવતો નથી અને તે દાંતા બાજુનો હતો, તેના ગામના નામની તેમને ખબર નથી પણ તેનું નામ રેવો હતું અને તેના કુટુંબના ભાઇ પારપડા ગામે ખેતી મજુરી કામ કરે છે તેવી હકીકત જણાવતાં, દિનેશભાઇ પટેલે તેમની પાસે આવી તેઓને વાત કરેલી અને ત્યારબાદ દિનેશભાઇએ તેઓને કહેલ કે તમોએ તમારા સગા સંબંધીઓમાં તપાસ કરેલી હતી ? જેથી તેઓએ તેમની આબરૂ જવાની ડરે તપાસ કરેલ ન હતી જેથી દિનેશભાઇ પટેલે તેઓને તેમના સગા સંબંધીઓમાં તપાસ કરવાનું

કહેતાં તેઓએ રાજસ્થાનમાં તેમજ અંબાજી, દાંતા બાજુ તેમના સગા સંબંધીઓમાં તેમની દિકરી ભોગબનનારની તપાસ કરતા કરાવતાં તેની કોઇ ભાળ મળેલ નહી અને જે તે વખતે તેઓએ તેમની દિકરી તેઓને મળી જાય તો પોલીસ સ્ટેશનમાં કોઇ ફરિયાદ કરવી નથી તેવું માની તે વખતે પોલીસ સ્ટેશનમાં કોઇ જાણ કરેલ હતી નહી, અને ફરિયાદી તથા તેમના પતિએ તથા તેમના સગા સબંધીઓએ તપાસ કરતાં તેમની દિકરી મળી ન આવતાં તા. ૨૫/૦૫/૨૦૨૩ ના રોજ પાલનપુર સીટી પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આઇ. શ્રી આર.બી. ગોહિલ રૂબરૂ આરોપી રેવાભાઇ રાજાભાઇ આદિવાસી, રહે. હરીવાઘ (વાઘડાચા), તા. દાંતા વાળા વિરૂધ્ધ ધોરણસર તપાસ થવા ફરિયાદ નોંધાવેલ.

**(૩) <u>પોલીસ તપાસ અને ચાર્જશીટ</u> :-**

**(એ)** આ કામના ફરિયાદીએ ઉપરોકત મતલબની ફરિયાદ પાલનપુર સીટી પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં આપતાં, ફરજ પરના પી.એસ.ઓ. એ સદર ફરિયાદના આધારે આરોપી સામે પાલનપુર સીટી પશ્ચિમ પો.સ્ટે. ગુન્હા રજીસ્ટર નં. ૧૧૧૯૫૦૧૦૨૩૦૪૨૫/૨૦૨૩ થી ઇ.પી.કોડની કલમ - ૩૬૩,૩૬૬ વિગેરે મુજબનો ગુનો રજીસ્ટર કરી તપાસ કરનાર અમલદારશ્રીને તપાસ સોપતાં, પોલીસ તપાસ અંગેની કાર્યવાહી ચાલુ થયેલી હતી. જે અન્વયે તપાસને આનુસંગીક જરૂરી બધી જ કાર્યવાહી કરવામાં આવ્યા બાદ ત.ક.અધિકારીશ્રી તરફથી તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોવાનું જણાઇ આવતાં, ત.ક.અધિકારીશ્રી તરફથી **બી.એન.એસ.એસ એકટ, ૨૦૨૩ ની કલમ-૧૯૩** અન્વયે આ કેસના આરોપી વિરુધ્ધ યોગ્ય અને સક્ષમ હકુમત ધરાવતી અત્રેની સ્પેશ્યલ પોકસો કોર્ટ સમક્ષ આરોપી વિરૂધ્ધના ગુનાઓ ઇ.પી.કોડ કલમ - ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન), ૩૭૬(૩),

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ – ૪ અને ૬ અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલું છે, તેને **સ્પેશ્યલ પોકસો એકસ નં. ૨૬/૨૦૨૫** થી રજીસ્ટરે લેવામાં આવેલ છે, અને ત્યારબાદ આ કેસની આગળની કાયદેસરની ઈન્સાફી કાર્યવાહી અત્રેની સ્પેશ્યલ પોકસો કોર્ટ ધ્વારા આ કેસના આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલી છે.

(૪) **<u>કેસની સ્પેશ્યલ કોર્ટ સમક્ષની કાર્યવાહી</u> :–**

ત્યારબાદ **બી.એન.એસ.એસ. ની કલમ– ૨૫૧(૧)(બી)** હેઠળ આરોપી વિરૂધ્ધ તા. ૧૨/૦૯/૨૦૨૫ ના રોજ ઈ.પી.કોડ કલમ – ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ – ૪ અને ૬ મુજબના સજાને પાત્ર ગુના કર્યાના તહોમત સબબ **આંક–૦૬** થી તહોમતનામું ફરમાવી, સદર કાયદાની **કલમ–૨૨૮(૨)** હેઠળ તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ છે, અને **આંક–૦૭** થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનાના આક્ષેપો કબુલ કરેલ ન હોઇ, તેથી **બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૩** અન્વયે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પાત્ર હોઈ , ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવો અને સાહેદો રજુ કરવા જણાવતાં, ફરિયાદપક્ષે ઉપર ફોર્મ–સી મુજબ લેખિત અને મૌખિક પુરાવો રજુ કરેલ છે.

(૫) **<u>આરોપીનું વિશેષ નિવેદન</u> :–**

ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં સદર કામે ફરિયાદપક્ષ તરફે વિ. એડી. પી.પી.. શ્રી ધ્વારા આંક–૧૦૧ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતાં, ફરિયાદપક્ષે પુરાવો બંધ કરેલ છે. ત્યારબાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવતાં, આરોપીએ તેમની સામે નીકળી આવતાં સંજોગોનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, ખોટો કેસ કરેલ, ખોટી ફરિયાદના આધારે ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ આરોપી નિર્દોષ

છે, તેઓને રહેમ રાખી છોડી મુકવા અરજ કરેલ છે. જોકે, તેમણે તેમના સદર કથનના સમર્થનમાં સોગંદ ઉપર જુબાની આપવાનું કે બચાવના સાહેદ તપાસવાનું કે દસ્તાવેજી પુરાવા રજુ કરવાનું ટાળેલ છે.

(૬) <u>પક્ષકારો તરફેની દલીલો</u> :–

(એ) <u>ફરિયાદપક્ષે વિ. એડી.પી.પી. શ્રી ની દલીલો</u> :–

ફરિયાદપક્ષે વિદ્વવાન એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયાએ રજુઆત કરેલ છે કે, આરોપી સામેના કેસની હકીકતો જોવામાં આવે તો, ફરિયાદી, ભોગબનનાર, પંચો, સાહેદો સદર કેસને સંપુર્ણપણે સમર્થન આપે છે. ભોગબનનારનું પોલીસ રૂબરું નિવેદન તથા સરતપાસ અને ઉલટતપાસ તથા બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું ભોગબનનારનું નિવેદનમાં દરેક વખતે ભોગબનનાર સાથે આરોપીએ શરીર સુખ(સંભોગ) માણેલ હોય તે હકીકત નિ:શંક પણે સાબિત થાય છે અને તેના કારણે ભોગબનનારને બે બાળકોનો જન્મ થયેલો છે જે હકીકત નિ:શંક પણે સાબિત થાય છે. બનાવ સમયે ભોગબનનાર સગીર વયના હતા જે હકીકત ભોગબનનારના જન્મના પ્રમાણપત્ર અને જન્મના દાખલાથી સાબિત થાય છે, તેમજ અન્ય સાહેદો તથા પંચોની જુબાની પણ આરોપી સામેના કેસને નિ:શંક પણે સાબિત કરે છે. નામદાર હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમકોર્ટના પોકસો એકટના ઘણા લેન્ડમાર્ક ચુકાદાઓ આપેલ છે કે સગીર વયની ભોગબનનાર મહિલાએ પોતાની મરજીથી શારીરિક સંબંધ બાંધેલ હોય તો પણ તે ગુન્હો બને છે. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવો જોતાં આરોપી સામેનો ગુન્હો નિ:શંક પણે સાબિત થાય છે. બચાવપક્ષ ફરિયાદપક્ષે રજુ થયેલ કોઈ હકીકતનું ખંડન કરી શકેલ નથી. જેથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકા રહીત પુરાવાઓથી પુરવાર કરેલ હોય, આરોપીને તકસીરવાન

ઠરાવી કાયદામાં જણાવ્યા મુજબની સખ્ત શિક્ષા કરવા વિનંતી કરેલ છે.

**(બી) <u>બચાવપક્ષે વિદ્વાન વકીલ શ્રીની દલીલો</u> :–**

બચાવપક્ષે વિ. ડે. ચીફ લીગલ એઇડ ડિફેન્સ કાઉન્સેલ શ્રીમતી જે.એચ. દવે એ આંક. ૧૦૫ થી લેખિત દલીલો રજુ કરી તેમાં લખ્યા મુજબની રજુઆત કરેલ છે. તેઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદ હકીકત જોવામાં આવે તો ફરિયાદીની ભોગબનનાર દિકરીને કઇ લગ્નની લાલચ આપી લલચાવી, ફોસલાવી ભગાડી ગયેલ હોય તેવું જણાઇ આવતું નથી. ફરિયાદી સ્વેચ્છએ જણાવે છે કે, ભોગબનનાર ફરિયાદીને જાણ કર્યા વિના ચાલ્યા ગયેલા અને પાછળથી મનીષભાઇના કહેવાથી આરોપીનું નામ જણાવેલ છે. જેથી ભોગબનનારને કોણ લઇ ગયેલ તે બાબતની જાણ ફરિયાદીને પણ ન હતી પરંતું પાછળથી શંકાના આધારે આરોપીનું નામ લખાવેલ હોય તેવું જણાઇ આવે છે. ફરિયાદીની ઉલટ તપાસ જોતાં તેમની ફરિયાદમાં શું લખેલ તે તેઓએ વાંચેલું નહી, પોલીસે તેમને ફરિયાદ વાંચી સંભળાવેલ નહી. તેમની ભોગબનનાર દિકરીને બનાવ સમયે કોણ લઇ ગયેલું તેની તેમને ખબર નથી. બનાવની ફરિયાદ ૨૩ દિવસ પછી કરેલી છે. દિનેશભાઇ પટેલના કહેવાથી પાછળથી ફરિયાદ કરેલી છે. બનાવ સ્થળેથી પાલનપુર પશ્ચિમ પો.સ્ટે. ૩ થી ૪ કી.મી. ના અંતરે આવેલ છે તેમ છતાં તે સમયે ફરિયાદ કે જાણવા જોગ અરજી પણ કરેલી નથી . તેઓએ **૧૯૯૪(૨), જી.એલ.એચ. પાન નં. ૩૫૧ ક્ષીતા માથુર મકવાણા વિ. ગુજરાત રાજય** નો ચુકાદો ટાંકી જણાવેલ છે કે, હિત ધરાવતા હોય અને અદાવત ધરાવતા હોય ત્યારે તેઓ બનાવની સાચી હકીકતોને પડતી મુકીને ફરિયાદ આપવાથી માંડીને તપાસ દરમિયાન પણ નવી હકીકતો ઉભી કરી ગોઠવીને બદલો લેવાની

ભાવનાથી પીડાઇને આરોપીની ખોટી સંડોવણી કરી તેને ફકત સજા કરાવવાના હેતુથી જ ખોટા નિવેદનો આપે અને તે પછી ના. કોર્ટ રૂબરુ પણ તેવો જ ખોટો પુરાવો આપવા પ્રેરાતા હોય છે. તેવા સંજોગોમાં જયારે હિત ધરાવતા અને અદાવત ધરાવતા ઈજા પામનાર/ફરિયાદી/ સાહેદો હોય ત્યારે તેઓના પુરાવાનું ના. કોર્ટે ચીવટથી અને કાળજીપુર્વક સુક્ષ્મ રીતે મૂલ્યાંકન કરવું જોઇએ અને આ રીતે સુક્ષ્મ મૂલ્યાંકન કરતાં આવા હિત ધરાવતા સાહેદોનો પુરાવો શંકાથી પર જણાતો ન હોય ત્યારે તેવી શંકાનો લાભ આરોપીને મળવો જોઇએ. વધુમાં, **બાલાસાહેદ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ક્રિ.લો.જ. ૧૯૯૩ પેજ નં. ૩૦૪૪ બોમ્બે હાઈકોર્ટ** નો ચુકાદો જોવામાં આવે તો, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૬, ૩૭૫, ૩૭૬ અપહરણ અને બળાત્કારના કેસમાં ભોગબનનારની સંમતિ તથા ભોગબનનારની ઉંમરને લગતો છે. આ કેસની હકીકત મુજબ ભોગબનનાર આરોપી સાથે જાતે ગયેલ. આમ, ભોગબનનારની વર્તણૂંક તેણીએ સંભોગ કરવા માટે સંમતિ આપેલ તે તરફ દોરી જતી હોય આરોપીને ભોગબનનારના અપહરણ તેમજ બળાત્કારના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં, **વાય શ્રી નિવાસ વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ, ૧૯૯૫ ક્રિ.લો.જ. પેજ નં. ૧૫૯૭** જેમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૬(એ),૩૭૬ અન્વયે સગીર વયની ભોગબનનાર ઉપર બળાત્કારના ગુના માટે સાબિતીને લગતો છે. ફરિયાદપક્ષે બનાવની તારીખે ભોગબનનરાની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હોવાની સાબિતી કરવી પડે. ભોગબનનારની વર્તણૂંક જોતાં ભોગબનનાર સ્વેચ્છાએ આરોપી સાથે ગયેલ હતી. ભોગબનનારનું મેડીકલ એવીડન્સ લક્ષમાં લેતાં તેની સાથે બળ વપરાયેલ હોવાની કોઇ હકીકત બહાર આવતી ન હતી. તેથી ઇ.પી. કોડની કલમ- ૩૬૬એ,૩૭૬ નો ગુનો બનતો નથી. ફોજદારી કાનૂનનો એ સર્વવિદિત સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છુટી જાય

પણ એક નિર્દોષને સજા ન થવી જોઈએ. એ સિધ્ધાંતને લક્ષમાં રાખી જયાં સુધી એક પણ શંકા વગરના પુરાવા વિના એટલે કે નિ:શંક રીતે ફરિયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અદાલતે માનવું જોઈએ. આરોપીનો બચાવ કોઈ સંજોગોમાં નબળો હોય અગર લૂલો હોય, અગર પોતાનો બચાવ રજૂ કરે નહી, અગર બચાવ રજૂ કરવામાં આરોપી નિષ્ફળ જાય તે કારણે ફરિયાદપક્ષને પોતાનો કેસ પુરવાર થયેલો માનવાનો અધિકાર મળી જતો નથી, અને/અગર ફરિયાદપક્ષનો કેસ સાબિત માની શકાય નહી. આવા સંજોગોમાં ફરિયાદપક્ષનો કેસ નિ:શંક રીતે પુરવાર કરવાની જવાબદારી મટી જતી નથી અને જો ફરિયાદપક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો લાભ આરોપીને આપવો જોઈએ. નામદાર ગુજરાત હાઈકોર્ટે **૨૦૨૦(૧), જી.એલ.આર. ૨૭** ના ચુકાદમાં નોંધયેલ છે કે,

Although a presumption under Section 27 of the Pocso Act arises and it is presumed that the accused has committed the offenses for which he is charged under the said Act, unless the contrary is proved, such a presumption cannot that no presumption is absolute and that every presumption is rebuttable.

નામદાર કર્ણાટક હાઈકોર્ટે તેમના **G.S. Venkatesh S/o Narayanaswamy Vs State of Karnataka** (2020) 0 **Supreme (Kar)** 68 ના ચુકાદામાં નોંધાયેલ છે કે,

ખંડનાત્મક અનુમાન ત્યારે જ અસ્તિત્વમાં આવે કે જયારે ફરિયાદપક્ષ પાયાની હકીકતો પુરવાર કરે. વધુમાં, જયાં સુધી જે

ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે તેની પાયાની હકીકતો ફરિયાદપક્ષ ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી ફરિયાદપક્ષની તે હકીકતો ના સાબિત કરવા આરોપીને કહી શકાય નહી. આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ નું અનુમાન લાગું કરતાં પહેલાં ફરિયાદપક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની પાયાની હકીકતો પુરવાર કરવાની રહે છે. વધુમાં, તેઓએ દલીલ કરેલ છે કે, ભોગબનનારની ઉલટ તપાસ જોવામાં આવે તો, તેણીએ કબુલ રાખેલ છે કે, તેના માતા પિતાએ હાલના આરોપી વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરવા આધાર કાર્ડમાં તેની ખોટી જન્મ તારીખ લખાવેલ છે. તેના માતા પિતાએ રાજસ્થાન મુકામે રહેતા હોય તેણી ઘણી મોટી થઇ ગયા બાદ પારપડા મુકામે ભણવા મુકેલી. વધુમાં, ફરિયાદપક્ષે કોઈ શાળાના આચાર્યને પણ જન્મ તારીખ નોંધણી બાબતે તપાસવામાં આવેલ ન હોય અને જયારે ભોગબનનારના પિતા એવી હકીકત જણાવતા હોય કે જયારે ભોગબનનારને પારપડા શાળામાં અભ્યાસ માટે મુકવા ગયેલા ત્યારે સ્કૂલમાં આચાર્યશ્રીએ જન્મ તારીખ લખેલી અને તેની સમક્ષ કોઈ આધાર પુરાવો જન્મ તારીખનો રજુ કરેલ નથી. ત્યારે શાળામાં જે જન્મ તારીખ લખાવેલી છે તે જન્મ તારીખ આશરે લખેલી છે તેવુ સ્પષ્ટ થાય છે. જેથી ફરિયાદપક્ષે જે ભોગબનનારનો પારપડા શાળાનો જન્મનો દાખલો રજુ કરેલ છે જે દાખલો શંકા લાયક છે. જેથી તેમાં જણાવેલી જન્મ તારીખ માની શકાય નહી કારણ કે તે જન્મ તારીખ આચાર્યશ્રીએ આશરે લખેલી છે. ભોગબનનાર તેની ઉલટ તપાસમાં તેની ઉંમર ૨૨ વર્ષની છે તેમ જણાવે છે. આંક. ૯૫ ની ડીસ્ચાર્જ સમરીમાં ભોગબનનારની ઉંમર ૨૧ વર્ષ ૧ માસ અને ૦૮ દિવસની લખેલી છે. ગુજરાત આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગનું દર્દીનું એલીજીબલ કપલ તરીકે

રજિસ્ટ્રેશન તા. ૨૧/૦૫/૨૦૨૪ ના રોજ થયેલુ અને જેમાં દર્દીની ઉંમર ૨૧ વર્ષ દર્શાવેલ છે. બચાવ તરફે કોઇ સ્કૂલના આચાર્યને કે સ્કૂલના સ્ટાફના માણસોને ના. કોર્ટ સમક્ષ બોલાવવામાં આવેલ નથી કે કેસના કામે તપાસેલ નથી. જેથી ભોગબનનારની જન્મ તારીખ કયા આધારે કોને નોંધાવેલી તે બાબત સ્પષ્ટ થતી ન હોય જેથી ફરિયાદી તરફે રજુ થયેલ પારપડા શાળાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર સાબિત થતું ન હોય અને ભોગબનનારની એડમીશન બાબત અને જન્મ તારીખ બાબત પુરવાર થતી ન હોય તો શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં, ભોગબનનારની ઉલટ તપાસ જોવામાં આવે તો, તેણી પુખ્તવયની ઉંમર થયા બાદ તેના પ્રથમ સંતાનનો જન્મ થયેલો તેમ જણાવેલ છે. વધુમાં, તેણીને આરોપી સાથે મોકલવી ન હોય તેની નાની ઉંમર ન હોવા છતાં તેના માતા પિતાએ ખોટા પુરાવા ઉભા કરી ખોટી ફરિયાદ આપેલ હોવાનું ભોગબનનારે તેની ઉલટ તપાસમાં જણાવેલ છે. પોકસો કાયદા મુજબ જો ભોગબનનાર જ આવી હકીકત જણાવતી હોય તો સ્પષ્ટ થાય છે કે આરોપીએ ભોગબનનાર સાથે ભોગબનનાર સગીર વયની હોય ત્યારે કોઇ દુષ્કર્મ કરેલ નથી. જેથી પોકસો કાયદો લાગતો ન હોય અને ખોટી ફરિયાદ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. વધુમાં, તેઓએ દલીલ કરેલ છે કે, ડોકટર હર્ષદકુમાર ડાહયાલાલ વૈધનો પુરાવો જોતાં ઉલટ તપાસમાં જણાવે છે કે, તેમની હોસ્પિટલમાં આવેલ દર્દી પિન્કીબેનને દાખલ કર્યેથી ડીસ્ચાર્ઝ કર્યા તે સુધીમાં દર્દીનું નામ પિન્કીબેન નહી પરંતું ભોગબનનાર છે તેવી કોઇ હકીકત તેમને જાણવા મળેલ નહી. દર્દી હોસ્પિટલમાં આવ્યા ત્યારથી ડીસ્ચાર્જ કર્યા ત્યાં સુધી ભોગબનનારનું નામ પિન્કીબેન નહી પણ ભોગબનનાર હતું તેવી કોઇ માહિતી તેમને મળેલ નથી અને તા. ૨૭/૦૧/૨૦૨૬ સુધી પણ ડોકટર સમક્ષ આ બાબતની કોઇ માહિતી ધ્યાને આવેલ નથી.

ફકત પોલીસના કહેવાથી ડોકટરની સામે આ બાબત ધ્યાન ઉપર આવેલી. દર્દીનું નામ ખોટું લખાવેલ હોય તો ડોકટરે કોઇ ફરિયાદ કરેલ હોત પરંતું આવી કોઇ ફરિયાદ ડોકટરે કરેલ નથી. ડોકટરશ્રીની ઉલટ તપાસ ધ્વારા પણ દર્દી ભોગબનનાર હતી અને તેને આ બાળકને જન્મ આપેલ તે બાબતે કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજુ કરી શકેલ નથી. ડી.એન.એ. સેમ્પલ લેવાથી લઇને તપાસ સુધીની જે પ્રોસેસ કરવામાં આવેલી તે પ્રોસેસ દરમિયાન કોઇ તપાસ અધિકારીએ પંચનામું કરેલ નથી કે આ પ્રોસેસ કોની રૂબરુમાં કરવામાં આવેલી અને બ્લડ સેમ્પલ લીધા બાદ આ બ્લડ સેમ્પલ કોની પાસે સાચવવામાં આવેલા તેવી કોઇ માહિતી તપાસ અધિકારી જણાવતા ન હોય જેથી આ બ્લડ સેમ્પલની જે પ્રોસેસ કરવામાં આવી તે પ્રોસેસ દરમિયાન આરોપી અને ભોગબનનારના નમુના લઇ એફ.એસ.એલ. મારફતે પરીક્ષણ કરાવેલ છે પરંતું ડી.એન.એ. નો પુરાવો નિર્ણાયક પુરાવો નથી. જયારે ભોગબનનાર ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય અને આરોપીએ તેની સાથે શરીર સંભોગ કરેલ ન હોય, સગીર વયની હોય ત્યારે તેની સાથે આ કામના આરોપીએ કોઇ દુષ્કર્મ કરેલ ન હોય તેવુ જણાવતા હોય ત્યારે જે ફરિયાદપક્ષ ધ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે અને કેસના કામે જે નમુના લેવામાં આવેલ છે તે સાબિત થતાં નથી. જેથી આરોપીને નિર્દ્રોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

તેમની દલીલોના સમર્થમાં નીચે મુજબના નામદાર વડી અદાલતોના ચુકાદા રજુ કરોલ છે, જે અતિનમ્રપણે વંચાણે લેવામાં આવેલ છે અને તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અત્રેની કોર્ટ ધ્વારા ધ્યાને લીધેલ છે.

**૧. ૧૯૯૪(૨), જી.એલ.એચ. પા નં. ૩૫૧ ક્ષીતા માથુર મકવાણા વિ. ગુજરાત રાજય**

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

૨. બાલાસાહેબ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ક્રિ.લો.જ. ૧૯૯૩, પેજ નં. ૩૦૪૪ બોમ્બે હાઈકોર્ટ

૩. વાય. શ્રી નિવાસ વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ, ૧૯૯૫ ક્રિ.લો.જ. પેજ નં. ૧૫૯૭

૪. અજીતકુમાર ખુમારસિંહ ભગોરા વિ. સટેટ ઓફ ગુજરાત, ૨૦૨૦(૧), જી.એલ.આર. પેજ નં. ૨૭

૫. નામદાર ગુજરાત હાઈકોર્ટ ક્રિમિનલ અપીલ નં. ૧૨૮૫/૨૦૧૬, રણજીતભાઈ રાયસંગભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત

૬. નરેન્દ્ર ગુલાબપરી ગૌસ્વામી વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૯(૩), જી.એલ.આર. ૨૩૯૭

૭. લોઝ (બોમ) – ૨૦૧૯–૬–૧૯૫, ક્રિમિનલ અપીલ નં. ૬૬/૧૯, પ્રશાંત રામચંદ્ર કાસરકર વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

૮. લોઝ (જીજેએચ) ૨૦૧૩ – ૧ – ૧૯૮, ક્રિમિનલ રીવીઝન અરજ નં. ૨૭૮/૨૦૦૬, અમરસીહભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત

૯. લોઝ (બોમ) – ૨૦૧૯ – ૧ – ૧૬૩, બોમ્બે હાઈકોર્ટ પ્રમોદ દત્તાત્રેય જાદવ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

૧૦. સ્ટેટ ઓફ ગુજરાત વિ. જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ ગોકુલભાઈ ચૌધરી ક્રિમિનલ અપીલ નં. ૨૯૮/૨૦૨૫

૧૧. ક્રિમિનલ અપીલ નં. ૬૭૯/૨૦૨૪, તા. ૨૮/૧૦/૨૦૨૫ કે. કીરૂબકરન વિ. સ્ટેટ ઓફ તામુલનાડું,(સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડીયા)

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

(૭) **<u>કેસના ન્યાયિક નિર્ણય અર્થેના મુદા અને તેનો જવાબ</u> :-**

**(એ)** આથી નિર્ણય અને નિકાલ માટે હવે આ નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરે છે કે, આ કામના ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હતા ?

**૨.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૨/૦૫/૨૦૨૩ ના કલાક ૨૧-૦૦ થી તા. ૦૩/૦૫/૨૦૨૫ ના કલાક ૫-૦૦ વાગ્યાના સમયે ફરિયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર ઉ.વ. ૧૪ વર્ષ ૪ માસ અને ૦૨ દિવસ ને લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી તેણીના કાયદેસરના વાલીપણામાંથી તેણીનું અપહરણ કરી લઇ જઇ ભોગબનનાર સગીર વયની હોવાનું જણાવા છતાં આરોપીએ ઈરાદાપુર્વક તેણીની સાથે અલગ અલગ જગ્યાએ લઇ જઇ ધમકી આપીને અવાર નવાર શારીરિક સંબંધ બાંધી તેણીને ગર્ભવતી બનાવી તેણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી તેણીની સાથે દુષ્કર્મ આચરી બળજબરીપૂર્વક જાતીય હુમલો અને જાતીય પ્રવેશ હુમલો કરી ઇ.પી.કોડ કલમ- ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ - ૪ અને ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે .

**૩.** શું અંતિમ હુકમ ?

**(બી)** ઉપરોકત મુદાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે મારો નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

૧. .હકારમાં,

૨. હકારમાં, ઇ.પી.કોડ કલમ ૫૦૬(૨) પુરતાં નકારમાં,

૩. આખરી હુકમ મુજબ.

<u>પુરાવાના મુલ્યાંકનના સર્વ સામાન્ય સિધ્ધાંતો</u> :–

(૮) ફરિયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયાં સુધી નિ:શંક પણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે, જે સાહેદ વિટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરુ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મૂલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શિકા નથી, પરંતું દરેક કેસના અને હકિકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

(૯) **<u>નામદાર સુપ્રિમકોર્ટે લાલબહાદુર વિ. સ્ટેટ (એન.સી.ટી) દિલ્હી, ૨૦૧૩(૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭</u>** તેમજ **<u>ભરવાડ ભોગીનભાઇ હિરજીભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૩(૩) એસ.સી.સી. પાન નં. ૨૧૭</u>** વાળા ચુકાદાથી પુરાવાના મૂલ્યાંકન સંબંધેના પ્રતિપાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે, જે મુજબ પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજિક મોભો, સામાજિક પરિસ્થિતિ, બૌધ્ધિક સ્તર વિગેરે બાબત ત્યાને લઇ તેના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરિક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એકજ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. મોટાભાગે શબ્દસહ પુન: ઉચ્ચારણ કોઇ સાહેદ કે વ્યકિત ધ્વારા

સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેક સામાન્ય વિરોધાભાષ પુરાવામાં મળતો હોય છે, પરંતું આ વિરોધાભાષ કેસના ગુણદોષને અસર કર્તા ન હોય તો તે ફરિયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી, અને આવા સામાન્ય વિરોધાભાષ અદાલતે અવગણવાના રહે છે, પરંતું મહત્વના વિરોધાભાષ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય ત્યારે તે ધ્યાને લેવાના હોય છે, તેમજ ક્રિમિનલ ટ્રાયલમાં અદાલતે માત્ર આરોપીનું જ હિત જોવાનું નથી પરંતું ગુનામાં ભોગબનનાર અને સમાજનું હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. માત્ર નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહી તેવા સંજોગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષીત માણસ ગુનામાંથી છટકી ના જાય. આમ, નિર્દોષ વ્યકિત દોષીત ના ઠરે, સાથે સાથે દોષી વ્યકિતને પણ લાભ ન મળે તે જોવાની અદાલતની ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટે **અંબિકા પ્રસાદ વિ. સ્ટેટ (દિલ્હી) રીપોર્ટેડ ઈન ૨૦૦૦(એસ.સી.સી.), પાન નં. ૬૪૬** થી પ્રતિપાદિત કરેલ છે.

(૧૦) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનિય અને નિ:શંક પુરાવા રજુકરવાના રહે છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી પરંતું ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજુ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનિય જણાતા હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતા હોય ત્યારે પ્રોસીકયુશનના પુરાવા સ્વીકારી આરોપીને દોષી ઠરાવી શકાય છે. જયારે નિ:શંક પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ ન હોય ત્યારે તેમજ રજુ થયેલ પુરાવામાંથી બે પ્રકારની સંભાવના ઉદભવતી હોય, તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર બને છે. આ તમામ બાબતો ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે

છે અને તે મુજબ આ કામે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈ કરવામાં આવેલું છે.

(૧૧) વિશેષમાં, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે ફોજદારી કેસમાં ફરિયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ પ્રમાણેનો કેસ સચોટ, નકકર, માનવાલાયક, વિશ્વસનિય અને શંકારહિત રીતે પુરવાર કરવાનો હોય છે, માત્ર અનુમાન, ધારણા, શકયતા અને સંભાવનાઓ આધારે ફરિયાદપક્ષનો કેસ સાબિત થયેલ માની શકાય નહી, તેમજ કેસમાં બે પ્રકારના પુરાવા હોય તો કોર્ટે આરોપીના લાભનો પુરાવો ધ્યાનમાં લેવો જોઈએ. સાથે સાથે એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરી ગયેલા સાક્ષીના પુરાવાની અવગણના કરી શકાય નહી. પક્ષકમારો તેમને અનુકુળ હોય તેવી જુબાનીની હકીકત પોતાના કેસ માટે રજુ કરી શકે છે, પરંતું કોર્ટે સભાનતાપુર્વક જુબાનીનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. હવે ઉપરોકત પરીપ્રેક્ષ્યમાં આ કેસમાં આરોપી સામે ફરમાવેલ તહોમતનામાં પ્રમાણેના ગુના ફરિયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે કે કેમ ? તેનો નિર્ણય કરવાનો રહે છે.

**<u>મુદા નં. ૧</u> :-**

(૧૨) હાલના આરોપી વિરુધ્ધ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસયુઅલ ઓફેન્સ એકટ (પોકસો એકટ), ૨૦૧૨ ના ગુનાઓ સબબનું તહોમત ફરમાવવામાં આવેલ છે, જે તહોમત મુજબના આક્ષેપિત ગુનાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે સૌપ્રથમ ભોગબનનાર પોકસો એકટની કલમ-૨(ડી) મુજબ ૧૮ વર્ષથી નીચેની વયના સગીર બાળકી હતા કે કેમ ? તે સાબિત કરવાનું રહે. જે સંબંધે પુરાવાની ચર્ચા કરતાં અગાઉ નામદાર સુપ્રિમકોર્ટે ભોગબનનારની ઉંમર નકકી કરવા સંબંધે જે કાયદાકીય સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે, તે ધ્યાને લેવા જરુરી બને છે.

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

(૧૩) આ કામના આરોપી સામે પોકસો એકટની જોગવાઇ મુજબનો ગુનો દાખલ થયેલ છે તે અંગે કાયદાકીય જોગવાઇ જોવામાં આવે તો પોકસો એકટ, ૨૦૧૨ ની કલમ–૨(૧)(ડી) માં "**Child**" એટલે કે ''**બાળક**'' ની વ્યાખ્યા આપવામાં આવેલ છે અને તે મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમર ધરાવતી વ્યકિતનો સમાવેશ સદર કાયદા હેઠળના ગુનાઓ માટે ભોગબનનાર ''બાળક'' ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. એટલે કે, પોકસો એકટ, ૨૦૧૨ હેઠળના ગુનાઓ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ ધ્વારા ભોગબનનાર/બાળકની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતાં નાની હતી તેવું શંકા રહિત રીતે પુરવાર કરવું અનિવાર્ય છે.

(૧૪) ઉપરોકત વિગત અન્વયે હાલના કેસમાં પોકસો એકટની કલમ–૩૪ ની જોગવાઇ લક્ષમાં રાખી ભોગબનનારની ઉંમર નકકી કરતી વખતે Special Court એ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટની કલમ–૯૪ ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે, તેમજ જુવેનાઇલ જસ્ટીસ રુલ્સ, ૨૦૦૭ ના રુલ–૧૨ અંગે નામદાર સુપ્રિમકોર્ટે પોતાનાં ***AIR- 2013 SC-3467, Jarnail Singh V/s State of Haryana*** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, રુલ–૧૨ ની જોગવાઇ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની સાથે ગુનામાં ભોગબનનાર માટે પણ ધ્યાને લેવી જોઇએ.

જુવેનાલ જસ્ટીશ એકટની કલમ–૯૪ ની સાથે જુવેનાઇલ જસ્ટીસ રુલ, ૨૦૦૭ ના રુલ–૧૨ ની જોગવાઇ સાથે વાંચતાં અદાલતે પ્રથમ ભોગબનનારની ઉંમર અંગે

(i) તેનું મેટ્રીકયુલેશન અથવા તેને સમકક્ષ સર્ટીફીકેટ ધ્યાને લેવાનું રહે છે.

(ii) નંબર–(i) ઉપલબ્ધ ન હોય ત્યાર, પ્લે સ્કૂલ સિવાય

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

પ્રથમ સ્કૂલ ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર

(iii) નંબર–(i) અને (ii) ઉપલબ્ધ ન હોય ત્યારે કોર્પોરેશન, મ્યુનિસિપલ ઓથોરીટી અથવા પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ધ્યાનમાં લેવું.

(iv) ઉપરોકત ક્રમ નંબર (i), (ii) અને (iii) ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આ અંગે બનાવવામાં આવેલ મેડીકલ બોર્ડનો અભિપ્રાય ધ્યાને લેવાનો રહે છે.

(૧૫) આ કામે પડેલ પુરાવાનું મુલ્યાંકન અને તુલનાત્મક વિશ્લેષણ કરતાં અગાઉ નામદાર સુપ્રિમકોર્ટે ભોગબનનારની ઉંમર નકકી કરવા સંબંધે જે કાયદાકીય સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે, તે ધ્યાને લેવા જરૂરી બને છે. આ તબકકે **<u>સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરૂધ્ધ અનુપસિંઘ રીપોર્ટેડ ઇન (૨૦૧૫)૭ સુ.કો.કેસીસ પેજ નં. ૭૭૩</u>** નો ચુકાદો ધ્યાને લેતાં, જેમાં નામદાર સુપ્રિમકોર્ટે એવું તારવેલ છે કે, જયારે કોઇપણ ભોગબનનાર બાળકના ઉંમર અંગે શાળા ધ્વારા ઈસ્યુ કરાયેલ સર્ટીફીકેટ તેમજ જન્મ પ્રમાણપત્રમાં ફેરફાર હોય તો તેવા સંજોગોમાં જન્મ પ્રમાણપત્રની નોંધ માનવાની રહે છે. તેમજ સદર માન. ચુકાદામાં આપેલ તારણ મુજબ બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નિર્ણિત કરતી વખતે **જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશને ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩)** ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે. વધુમાં, નામદાર સુપ્રિમકોર્ટે **<u>મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર રીપોર્ટેડ ઇન ૨૦૧૩(૧૪),એસ.સી.સી. પેજ નં. ૬૩૭</u>** ના કેસમાં આપેલ ચુકાદામાં તેમજ **<u>જનરલસીંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણા રીપોર્ટેડ ઇન ૨૦૧૩(૭), એસ.સી.સી., પેજ નં. ૨૬૩</u>** ના કેસમાં આપેલ ચુકાદામાં પણ એવું ઠરાવેલ છે કે,

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે **જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩)** લાગુ પડે છે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઈ શકાય. જેથી ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે **જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩)** ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે :–

''12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining––

(a)(i)the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii)the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii)the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the

reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law."

**(૧૬)** આમ, ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંત જોતાં, ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ, ૨૦૦૭ ના નિયમ–૧૨ મુજબ નકકી કરી શકાય. વધુમાં, ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે અવલોકન કર્યા મુજબ જુવેનાઈલ જસ્ટીસ રૂલ્સના નિયમ–૧૨(૩) ની જોગવાઈ મુજબ ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે પ્રથમ મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ અથવા તો તેના આનુસંગિક પ્રમાણપત્ર જો ઉપલબ્ધ હોય તો તેને સૌપ્રથમ પ્રાધાન્ય આપવુ પડે અને જયારે આ મુજબ મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ કે તેની સમકક્ષ સર્ટીફીકેટ ઉપલબ્ધ ન હોય તયારે બાળકે સૌપ્રથમ જે શાળામાં અભ્યાસ કર્યો હોય તે શાળાના રેકર્ડમાં જે જન્મ તારીખ નોંધેલ હોય તે ઉપર આધાર રાખવાનો રહે છે અને તે મુજબનો પુરાવો પણ ઉપલબ્ધ ન હોય ત્યારે જ કોર્પોરેશન અથવા નગરપાલિકના અથવા તો પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મના પ્રમાણપત્ર ઉપર આધાર રાખવાનો રહે છે.

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

(૧૭) આ તબકકે **રશ્મીભાઈ હિંમતલાલ દવે અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત રીપોર્ટેડ ઈન ૨૦૧૫(૨), જી.એલ.આર. પેજ નં. ૧૨૯૬** નો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદર કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, નિશાળ છોડયાના પ્રમાણપત્રમાં બાળાની જન્મ તારીખ તેની ઉંમર નકકી કરવા માટે પુરતી છે અને તે અંગે ઓસીફીકેશન ટેસ્ટ અનિવાર્યપણે જરૂરી નથી. વધુમાં, સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, પીડિતાની જુબાની પુરાવાની પરિપુષ્ટિ વિના નિર્ભર છે. વધુમાં, સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, ભોગબનનારની ઉંમર નકકી કરવા સ્કૂલનું લીવીંગ સર્ટીફીકેટ અને સ્કૂલ રેકર્ડની એન્ટ્રી ધ્યાને લઈ શકાય. વધુમાં, સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું પણ ઠરાવેલ છે કે, ભોગબનનારની ઉંમર અઢાર વર્ષથી ઓછી હોય તેવા કિસ્સામાં તેણીની સંમતિનું કોઈ મહત્વ રહેતું નથી અને તે ધ્યાને લેવાની રહેતી નથી.

(૧૮) વિશેષમાં **(૨૦૧૪)૪, એસ.સી.સી. (ક્રિમિનલ), પેઈજ નં. ૩૦૬, મહાદેવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા એવું ઠરાવેલ છે કે, કોઈપણ ઈસમની ઉંમર અંગે તેની જન્મ નોંધણીનો પુરાવો જે આધારભુત ગણી શકાય, તેમજ તેવો પુરાવો ન હોય તેવા કિસ્સામાં તેના એસ.એસ.સી. બોર્ડ અથવા તો તેને સમકક્ષ દાખલો અથવા તો તે ઈસમ ધ્વારા પ્રથમ જે શાળામાં અભ્યાસ માટે દાખલ થયેલ હોય તે શાળા ધ્વારા ઈસ્યુ કરાયેલ દાખલો (પ્લે હાઉસ સિવાયની શાળા) ધ્યાને લઈ શકાય અને તે માટે તે દાખલો ઈસ્યુ કરનાર અધિકારીને કોર્ટ રૂબરુ તપાસવા જરૂરી બની રહે , તેમજ તેવા કોઈપણ પુરાવાની ગેરહાજરીમાં કોર્ટ ધ્વારા રેડીયોલોજીસ્ટના અભિપ્રાય પર આધાર રાખી શકાય અને તે માટે જે રેડીયોલોજીસ્ટ

ધ્વારા તે ઈસમના હાડકા તથા દાંતની ચકાસણી કરી જે દાખલો આપેલ હોય તે મેડીકલ અભિપ્રાયને ધ્યાને લઈ શકાય. જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટ, ૨૦૧૫ ની કલમ-૯૪(૨) ની જોગવાઈ લક્ષમાં લેવામાં આવે તો જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ, ૨૦૦૭ ના નિયમ-૧૨(૩) સાથે મોટા ભાગે સુસંગત હોવાનું જણાઈ આવે છે.

(૧૯) આમ, ઉપરોકત જોગવાઈઓ તેમજ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં નિર્દિષ્ટ કરેલ સિધ્ધાંતો અન્વયે ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હતી કે કેમ? તે સંદર્ભે ફરિયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો, હાલના કિસ્સામાં ફરિયાદપક્ષ ભોગબનનાર બનાવ સમયે એટલે કે, તા. ૦૨/૦૫/૨૦૨૩ ના રોજ ૧૪ વર્ષ ૪ માસ અને ૨ દિવસની સગીર ઉંમરની હતી, તેવી જે હકીકત સાથે આવેલ છે, તે અનુસંધાને ફરિયાદપક્ષે ભોગબનનાર ઉંમર પુરવાર કરવા માટે ઉપર દર્શાવેલ નામદાર સુપ્રિમકોર્ટની વિવિધ જજમેન્ટસની ગાઈડલાઈન મુજબ જન્મ તારીખનો પુરાવોતે શ્રેષ્ઠ પુરાવો ગણી શકાય તેના પર આધાર રાખેલ છે. તેમજ એવીડન્સ એકટ મુજબ પણ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાની સાપેક્ષતામાં દસ્તાવેજી પુરાવાની પુરાવાકીય વેલ્યુ વધુ રહે. હાલના કામે જોવામાં આવે તો, ત.ક.અધિકારી ગોહિલ રવિરાજસિંહ બટુકસિંહની આંક. ૭૪ ની જુબાનીમાં આંક. ૭૫ થી ભોગબનનારના આધાર કાર્ડની નકલ તથા આંક. ૭૯ થી ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર મેળવવાની યાદી તથા ૮૨ થી ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે . આંક. ૭૫ થી રજુ થયેલ ભોગબનનારનું આધાર કાર્ડ જોતાં જેમાં ભોગબનનારની જન્મ તારીખ ૦૧/૦૧/૨૦૦૯ ની જણાવેલ છે. આંક. ૮૨ થી

આચાર્યશ્રી, પારપડા પ્રાથમિક શાળા, તા. પાલનપુરના ઓએ ભોગબનનારની જન્મ તારીખનું પ્રમાણપત્ર આપેલ છે જેમાં ભોગબનનારની જન્મ તારીખ ૦૧/૦૧/૨૦૦૯ ની હોવાનું જણાવેલ છે જે નહિ માનવા કોઇ કારણ નથી. વધુમાં, ફરિયાદી ભોગબનનારની માતાએ તેમની આંક. ૩૨ ની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની સૌથી મોટી દિકરી છે અને જેની ઉંમર ૧૪ એક વર્ષની બનાવ સમયે હતી, જે પારપડા પ્રાથમિક શાળામાં ભણેલ હતી અને તેણે ધોરણ-૬ સુધીનો અભ્યાસ કરેલ હતો તેમ જણાવેલ છે. ઉલટ તપાસમાં પણ તેમની ભોગબનનાર દિકરી સૌથી મોટી દિકરી છે અને તેની ઉંમર ૧૪ વર્ષ અને ૪ માસની છે તેવી હકીકત ફરિયાદમાં લખાવેલ છે. તેઓ ફરિયાદ આપવા ગયેલ ત્યારે ભોગબનનારનું આધારકાર્ડ લઇને ગયેલ હતાં. તેમની ભોગબનનાર દિકરીનો જન્મ શિરોહી રાજસ્થાન મુકામે થયેલ છે. તેજ રીતે ભોગબનનારના પિતાએ તેમની આંક. ૩૪ ની જુબાનીમાં ભોગબનનાર તેમની સૌથી મોટી દિકરી છે અને જેની ઉંમર ૧૪ વર્ષની બનાવ સમયે હતી, જે પારપડા પ્રાથમિક શાળામાં ભણેલ હતી અને તેણે ધોરણ-૬ સુધીનો અભ્યાસ કરેલ હતો તેમ જણાવેલ છે. ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેમની ભોગબનનાર દિકરીને પારપડા મુકામે સ્કુલમાં અભ્યાસ કરવા મુકવા ગયેલ ત્યારે સ્કુલમાં આચાર્યશ્રીએ જન્મ તારીખ લખેલી અને તેમની સમક્ષ કોઇ આધાર પુરાવો જન્મ તારીખનો રજુ કરેલ નથી. બનાવ તા. ૨/૦૫/૨૦૨૩ ના રોજ બનેલ છે તે જોતાં ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૪ વર્ષ ૪ માસ અને ૧ દિવસ હોવાનું ભોગબનનારનું આંક. ૮૨ થી રજુ થયેલ શાળાના આચાર્યશ્રીએ આપેલ જન્મનું પ્રમાણપત્ર જોતાં જણાય આવે છે. આ કામે સદરહું જન્મનું પ્રમાણપત્ર આપનાર શાળાના આચાર્ય કે કોઇ શિક્ષકને તપાસવામાં આવેલા નથી

પરંતુ ડોકટર આઈસા મોહંમદ રફીક મેમણ કે જેઓએ ભોગબનનારની શારીરિક તપાસણી કરેલ છે તેમના આંક. ૦૯ ના પુરાવા મુજબ ભોગબનનારે તેમની સમક્ષ ઉંમર ૧૪ વર્ષ અને ૪ મહીના જણાવેલી તેમ જણાવે છે. તેણીના પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતેનો અભિપ્રાય જોતાં તેના મોંમો ૨૮ દાંત હતા, તેણીને છેલ્લી દાઢ આવેલ ન હતી. ડેન્ટલ સર્જનના અભિપ્રાય મુજબ તેણીની ઉંમર ૧૩ વર્ષ હોવાનું જાણવા મળેલ. ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતન ઈન્કાર કરેલ છે કે, ભોગબનનારની ઉંમર યાદીમાં લખ્યા મુજબની લખી લીધેલ. તેમની જુબાનીમાં આંક. ૧૪ થી બનાસ મેડીકલ કોલેજનું સર્ટીફીકેટ રજુ થયેલ છે તથા તેની સાથે બનાસ મેડીકલ કોલેજનો રીપોર્ટ રજુ થયેલ છે અને તેમાં પણ ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષ અને ૪ માસની હોવાનું જણાવેલ છે. બચાવપક્ષની દલીલ મુજબ ત.ક.અમલદારે ભોગબનનારના જન્મ અંગેનો કોઈ દાખલો કે લીવીંગ સર્ટીફીકેટ કબજે કરેલ નથી. નામદાર સુપ્રિમકોર્ટે **<u>મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૧૪) એસ.સી.સી. પેજ નં. ૬૩૭</u>** ના કેસમાં આપેલ ચુકાદામાં તેમજ **<u>જનરલસીંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણા રીપોર્ટેડ ઈન ૨૦૧૩(૭) એસ.સી.સી., પેજ નં. ૨૬૩</u>** ના કેસમાં આપેલ ચુકાદામાં પણ એવું ઠરાવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) લાગુ પડે છે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઈ શકાય. આરોપીપક્ષે ઉપરોકત રજુ કરેલ નામદાર વડી અદાલતોના ચુકાદા માનસહ વંચાણે લીધેલ છે પરંતુ તે હાલના કેસના સંજોગો અને હકીકત જોતાં લાગુ પડી શકાય તેમ નથી. આમ, આ કામે રજુ

થયેલ મેડીકલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષ અને ૪ માસની જણાવેલ છે, તેમજ ભોગબનનારની શાળાના આચાર્યશ્રીએ આપેલ જન્મનું પ્રમાણપત્ર જોતાં તેમાં ભોગબનનારની જન્મ તારીખ ૧/૦૧/૨૦૦૯ જણાવેલ છે અને બનાવ તા. ૨/૦૫/૨૦૨૩ ના રોજ બનેલ છે તે જોતાં ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૪ વર્ષ ૪ માસ અને ૧ દિવસ એટલે કે સગીર હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે, જેથી મુદ્દા નં. (૧) નો જવાબ ''**હકાર**'' માં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨</u> :–**

**(૨૦)** આ કામે મુદ્દા નં. ૨ સંદર્ભે ફરિયાદપક્ષે આંક. ૦૬ ના તહોમતનામાં અનુસારનો આક્ષેપિત કેસ મુજબનો ગુન્હો આરોપીએ આચરેલ છે કે કેમ? તે માટે ફરિયાદપક્ષ તરફથી ભોગબનનારનો પુરાવો ખુબ મહત્વનો હોય છે, અને તે સંદર્ભનો સ્પષ્ટ પુરાવો ભોગબનનાર પોતે જ આપી શકે. જેથી ભોગબનનાને આંક. ૩૫ થી તપાસવામાં આવેલ છે. તેઓનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, તેમજ અત્રેની અદાલત સમક્ષ તેઓએ પુરાવો આપેલો છે, ત્યારે તે પુરાવો આપતા સમયે તેઓનું વર્તન ધ્યાનમાં લેતાં, તેઓનું વર્તન સહજ હોવાનું અને જુબાની આપતાં સમયે તેણીને શીખવાડીને લાવવામાં આવેલ હોય એટલે કે તેઓ ટ્યુટર વિટનેસ હોય તેવું પણ માની શકાય તેમ નથી. મજકુર ભોગબનનારે તેણીના આંક. ૩૫ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, બે એક વર્ષ પહેલાં તેણી તેના માતા પિતા સાથે પારપડા મુકામે દિનેશભાઇ પટેલ રહે. રૂપપુરા વાળાના ખેતરે મજુરી કરતા હતા અને આરોપી તેમની બાજુના મનિષભાઇના ખેતરે મજુરી કામ કરતો હતો. તેઓ એકબીજાને

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

પ્રેમ કરતા હતા અને તેમના માતા પિતા ખેતરોમાં કામ માટે ગયેલ હતા, તેણી અને તેના ભાઈ બહેનો ઘે હતા તે વખતે તેઓ રાતના આરોપી સાથે ભાગી ગયેલા. આરોપી તેણીને અમદાવાદ ભઠ્ઠામાં મજુરી કામે લઈને ગયેલા, જયાં તેઓ ઇંટોના ભઠ્ઠામાં પંદરેક દિવસ સુધી રોકાયેલા, ત્યારબાદ તેઓ ગોળા મુકામે રણજીતભાઈ ઉર્ફે ચકાભાઈ પટેલના કુવા ઉપર મજુરી કરવા માટે આવેલા અને ત્યાં તેઓ પાંચ મહીના રોકાયેલા અને ત્યારબાદ તેઓ જુનીનગરી તા. વડગામ મુકામે ગણેશભાઈના કુવા ઉપર ગયેલા અને ચકાભાઈના ખેતરે તેઓ ઓરડીમાં રહેતા અને ગણેશભાઈના કુવા ઉપર પણ તેઓ ઓરડી બનાવીને રહેતા હતા. તેઓ ગોળા તેમજ જુનીનગરી ગામે રહતા હતા તે દરમ્યાન આરોપીએ તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ બદકામ કરતો હતો. ગણેશભાઈના કુવા ઉપર તેઓ ત્રણથી ચાર મહીના સુધી રોકાયેલા હતા તે દરમ્યાન તેણીને શરીરમાં દુખાવો થતાં તેને રેવાભાઈ તેમજ ભેમાભાઈ ખેરાલુ પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ ગયેલા, ત્યાં તેને એક બાળકનો જન્મ થયેલો જેનું નામ ભાવેશ રાખેલું છે. આ ભાવેશ હાલ તેની જોડે છે તેમજ હાલ કોર્ટમાં તેના માતા પિતા પાસે છે. ત્યારબાદ તેણી તેના માતા પિતાના ત્યાં આવી ગયેલી. ત્યારબાદ ફરીથી આરોપી સાથે મીલનભાઈ ચૌધરીના જલોત્રા મુકામે આવેલ કુવા ઉપર ગયેલી, ત્યાં તેઓ ત્રણથી ચાર મહીના રોકાયેલા અને આરોપી તેણીની સાથે મીલનભાઈના કુવા ઉપર પણ બદકામ કરતો હતો. ત્યારબાદ આરોપી તેણીને પાટણ મુકામે દેગડી ગામે રાજુભાઈ દેસાઈ ના કુવા ઉપર લઈને ગયેલો અને પાંચેક માસ ત્યાં તેઓ રહેલા અને ત્યાં તેણીને બીજા બાળકનો ગર્ભ રહેલો.

(૨૧) આમ, ઉપરોકત ભોગબનનારની જુબાની જોવામાં આવે તો ભોગબનનાર જે ૧૪ વર્ષ અને ૪ માસની નાની સગીર વયની

બાળકી છે અને તેણીને સારા નરસાનો ખ્યાલ હોય નહી અને આરોપી તેણીની સગીરાવસ્થાનો તેમજ તેણીની નાદાનીયતનો લાભ ઉઠાવી તેની સાથે પ્રેમ સંબંધ બાંધી લલચાવી ફોસલાવી તેણીના કાયદેસરના વાલીની કોઈપણ જાતની સંમતિ લીધા સિવાય તેણીને પોતાની સાથે ભગાડી લઈ ગયેલ છે અને તેણીને ગોળા મુકામે રણજીતભાઈ પટેલના કુવા ઉપર તેમજ જુનીનગરી મુકામે ગણેશભાઈના કુવા ઉપર ઓરડીમાં રાખેલ છે અને તે દરમ્યાન ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર બદકામ કરતો હતો અને તેણીને પેટમાં દુખાવો થતાં ખેરાલુ મુકામે પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જતાં તેણીને બાળકનો જન્મ થયેલ છે. ત્યારબાદ તેણી તેના માતા પિતાના ત્યાં આવી ગયેલી અને તે બાદ પણ ફરીથી આરોપી સાથે મીલનભાઈ ચૌધરીના જલોત્રા મુકામે આવેલ કુવા ઉપર ગયેલી, ત્યાં ત્રણ ચાર મહીના રોકાયેલ અને આરોપી તેણીની સાથે મીલનભાઈના કુવા ઉપર પણ બદકામ કરતો હતો. ત્યારબાદ આરોપી તેણીને પાટણ મુકામે દેગડી ગામે રાજુભાઈ દેસાઈના કુવા ઉપર લઈ ગયેલ અને પાંચેક માસ ત્યાં રહેલા અને ત્યાં તેણીને બીજા બાળકનો ગર્ભ રહેલો અને આરોપીના સહવાસથી બીજીવાર તેણીને સ્ત્રી સંતાનનો જન્મ થયેલો. **તેણીના બંને બાળકોનો જન્મ આ કામના આરોપીએ તેની સાથે શરીર સુખ માણેલ તેના કારણે થયેલ છે.** આમ, ઉપરોકત હકીકત જોતાં ભોગબનાર ૧૪ વર્ષ અને ૪ માસની ઉંમરની સગીર નાની બાળકી છે અને તેની સાથે આરોપીએ બળજબરીપુર્વક શારીરિર સંબંધ અવાર નવાર બાંધી તેણીને ગર્ભવતી બનાવેલ છે તેની પણ ભોગબનનારને ખબર ન હતી અને તેણીને પેટમાં દુખાવો થતાં તેણીને દવાખાને લઈ જતાં તેણીને બાળકનો જન્મ થયેલ છે. આમ, ભોગબનનારનો પુરાવો જોતાં આરોપીએ સગીર

વયની ૧૬ વર્ષથી નાની ઉંમરની ભોગબનનારને પોતાની પ્રેમ જાળમાં ફસાવી તેણીની સગીરાવસ્થાનો ગેરલાભ ઉઠાવી લલચાવી ફોસલાવી તેણીના કાયદેસરના વાલીપણામાંથી તેણીનું અપહરણ કરી ભગાડી લઈ જઈ તેણીને અલગ અલગ જગ્યાએ રાખી તેણીની સાથે અવાર નવાર બળજબરીપુર્વક શરીર સંબંધ બાંધી દુષ્કૃત્ય આચરી તેણીને ગર્ભવતી બનાવી દીધેલ છે અને તેણીને પેટમાં દુખાવો થતાં હોસ્પિટલમાં લઈ જતાં તેણીને બાળકનો જન્મ થયે છે અને જે બાળક હાલ ભોગબનનારની પાસે છે.

(૨૨) ભોગબનનારની આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં તેમના સમાજમાં નાની ઉંમરે લગ્ન કરવાની પ્રથા હોવાનું તેમજ તેમના સમાજમાં મેળામાં છોકરા છોકરી એકબીજાને પસંદ કરતા હોય છે અને સાથે રહેતા હોય છે તેમજ તેણી આ કામના આરોપી સાથે પોતાની મરજીથી ગયેલી હતી અને આરોપીએ તેણીને તેની સાથે આવવા માટે કોઈ દબાણ કરેલ નહી કે કોઈ ધમકી આપેલ નહી અને આરોપી સાથે અમદાવાદ, ગોળા, જલોત્રા, વડગામ પોતાની મરજીથી રહેલ અને આરોપીએ કોઈ દબાણ કરેલું નહી અને આરોપીએ તેની સાથે શરીરસંબંધ બાંધવા માટે કોઈ બળજબરી કરેલ નહી અને આરોપી સાથે તેણી મરજીથી બંને સાથે રહેતા હતા વિગેરે હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, આરોપી તરફે સંમતિથી ભોગબનનાર ગયેલ હોય તે પ્રકારનો બચાવ લીધેલ છે. અપહરણના કિસ્સામાં કેટલો સમય તેણીને સાથે રાખેલ છે તે અગત્યનું નથી, પરંતું કોઈ વ્યકિતને સંમતિ વગર તેમજ કાનૂની હવાલો ધરાવતા વ્યકિતની સંમતિ વગર કાનુની વાલીપણામાંથી ખસેડે અથવા લઈ જાય તે ગુનો પુરવાર કરવા પુરતું છે. બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨) વંચાણે લેતાં કોઈપણ સ્ત્રીની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય ત્યારે તેને તેના

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

કાનુની વાલીપણામાંથી તેની સંમતિ વગર લઇ જવામાં આવે તો ગુનો સંપુર્ણ બને. આ કામે પડેલ પુરાવો જોતાં આરોપીએ ભોગબનનારને તેણીની સાથે લગ્ન બાહ્ય સંભોગ કરવા લલચાવેલ છે અને તેની સાથે આવવા માટે ફોસલાવવાનું કૃત્ય કરેલ છે. આરોપી સગીર બાળાને લોભાવે તે પૂરતું છે. હાલના કિસ્સામાં આરોપીએ ૧૬ વર્ષથી નીચેની બાળા સાથે આ કૃત્ય કરેલ છે અને તે તેના પોતાના જોખમે કરેલ છે. કારણ કે, સંમતિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં, ભોગબનનારની સંમતિને અપહરણના કિસ્સામાં કોઇ સ્થાન નથી, અને અપહરણ તે સ્વયંમ એક ગુનો છે અને અપહરણ કરનારનો ઈરાદો હોય કે ન હોય આ કૃત્ય સ્વયંમ ગુનો હોઇ ઈરાદો મહત્વનો નથી. આરોપી ભોગબનનારની ઉંમર નાની હોવાનું જાણવા છતાં તે તેના પિતાની કે માતાની તે કાનુની રીતે હવાલો ધરાવતા હતા તેની સંમતિ વગર સાથે લઇ જઇ તેની સાથે લગ્ન બાહ્ય સંભોગ કરેલ છે. તેવા સંજોગોમાં આરોપીનો ઈરાદો ભોગબનનારનું અપહરણ કરી અને જે સમયે તેણીનું અપહરણ કરવામાં આવેલું તે વખતે જાણતા હતા તેમજ ઈરાદો ધરાવતા હતા કે તેની સાથે લગ્ન બાહ્ય સંભોગ કરવામાં આવશે. તે સંજોગોમાં આરોપી સામેનો ગુનો પુરવાર થાય છે અને આરોપીને યોગ્ય સજા કરવી જોઇએ. આરોપી તરફે વિ. વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે બાળા પોતાની મરજીથી આરોપી સાથે આવેલ છે, આરોપીએ કોઇ લોભ કે લાલચ આપેલ નથી કે કોઇ બળજબરી કરેલ નથી. વધુમાં, તેમની રજૂઆત છે કે, રેકર્ડનો પુરાવો જોતાં ઇ.પી.કોડની કલમ-૩૬૩ (બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨)) નો ગુનો પુરવાર કરવા ભોગબનનારને લલચાવી ફોસલાવી પટાવી લઇ ગયેલ છે તે પુરવાર કરવું અનિવાર્ય છે, અને તે મુજબના તત્વો પરીપૂર્ણ થતાં ન હોઇ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. આ કામે

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

આરોપી તરફે એવી દલીલ કરેલી છે કે, ઇ.પી.કોડની કલમ–૩૬૬ (બી.એન.એસ.ની કલમ–૮૭) નો ગુનો પુરવાર કરવા ભોગબનનારને લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય તેવો કોઇ આક્ષેપ નથી. તેણીની કોઇ અટકાયત કરી હોય અથવા તેની સાથે લગ્ન બાહય સંભોગ કરવામાં આવશે તેવા ઈરાદા સાથે ભગાડી લઇ ગયેલ છે તેવું પુરવાર થતું નથી. ઉલટ તપાસ જોતાં ભોગબનનાર આરોપી સાથે પોતાની મરજીથી ગયેલ છે અને રહેલ છે તેથી ઇ.પી.કોડની કલમ–૩૬૬ (બી.એન.એસ.ની કલમ–૮૭) નો ગુનો બનતો નથી.

**(૨૩)** આ કામે ઉપરોકત મુદ્દા અન્વયેનો ગુનો સાબિત કરવા ફરિયાદપક્ષે પુરવાર કરવું પડે કે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હતી. તેણીને તેનો કાયદેસરનો હવાલો ધરાવતા વ્યકિતની સંમતિં વગર અપહરણ કરવામાં આવેલું અને આ કૃત્ય કાનુની વાલીની સંમતિ વગર કરવામાં આવેલ છે . વધુમાં, ભોગબનનારને લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવા ફોસલાવવા માટે આ કૃત્ય કરવામાં આવેલ છે. ભોગબનનારને તેની ઇચ્છા વિરૂધ્ધ લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવામાં આવશે તેની આરોપીને જાણ અથવા સંભાવનાની જાણ હતી.

**(૨૪)** આ કામે રજૂ કરવામાં આવેલ પુરાવો જોતાં આરોપી સામે ઇ.પી.કોડની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૫૦૬(૨) અન્વયેનું તહોમત ઘડવામાં આવેલ છે. ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષ ૪ માસ અને ૧ દિવસની બનાવ સમયે હતી. આરોપી તેણી સગીર છે તે બાબતથી સંપૂર્ણપણે માહિતગાર હતા. ભોગબનનારને તેના પિતા અથવા માતાની સંમતિ વગર આરોપીએ સવારના ૫ વાગ્યાના સમયે જયારે તેણી તેના ઘરે ઉંઘતી હતી અને તેણીના માતા પિતા અને ભાઇ બહેન

પણ ઉંઘેલા હતા ત્યારે તેણીને લઇ ગયેલ છે. આરોપી ભોગબનનારને પ્રથમ અમદાવાદ ભઠ્ઠામાં મજુરી કામે લઇ ગયેલ જયાં ઇંટોના ભઠ્ઠામાં પંદરેક દિવસ રોકાયેલ અને ત્યારબાદ ગોળા મુકામે રણજીતભાઇ ઉર્ફે ચકાભાઇના કુવા ઉપર મજુરી કરવા માટે આવેલ અને ત્યાં પાંચ મહીના રોકાયેલ અને ત્યારબાદ જુનીનગરી, તા. વડગામ મુકામે ગણેશભાઇના કુવા ઉપર લઇ ગયેલ અને ગણેશભાઇ અને તેણીને ઓરડીમાં રાખતો હતો અને આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેની સાથે બળજબરીથી અવાર નવાર શરીર સંબંધ બાંધેલ છે અને તે સમય દરમ્યાન તેણીનો ગેરકાયદેસરનો હવાલો ભોગબનનારનો પોતાની સાથે રાખેલ છે. આ કામે ભોગબનનારની ઉંમર જોતાં સંમતિ કે સહમતિ કે સ્વૈચ્છાનો પ્રશ્ન અસ્થાને છે . આરોપીએ તેણીના વાલીની કોઇ સંમતિ લીધી હોય તેવો તેમનો પોતાનો કેસ નથી. ઇ.પી.કોડની કલમ–૩૬૬ (બી.એન.એસ.ની કલમ–૮૭) બાબતે વિચારીએ તો લગ્ન બાહય સંભોગ સ્થાપિત કરવા મુકત સંમતિ આપવા માટે તેણી સક્ષમ કહી શકાય નહિ. આરોપી તરફે આ બાબતે સંપૂર્ણ નકારનો બચાવ લેવામાં આવેલ છે અને તેઓ તેણીને લઇ જ ગયા નથી તેવો બચાવ લઇ આ મુદ્દે ઉલટ તપાસ કરી ફરિયાદપક્ષના કેસને યોગ્ય રીતે પડકારેલ નથી અને સરતપાસ દરમ્યાન જણાવેલ પુરાવો વિશ્વસનિય ન કહી શકાય તેવું રેકર્ડ પર લાવેલ નથી. તેવા સંજોગોમાં ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી તેણી સગીર હોવાનું જાણવા છતાં તેમની સાથે લગ્ન બાહય સંભોગ કરવાના ઇરાદે આરોપીએ તેણીનું અપહરણ કરેલ હોવાનું ફરિયાદપક્ષ યોગ્ય અને ગ્રાહય પુરાવાથી સાબિત કરી શકેલ છે.

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

(૨૫) વધુમાં જોઇએ તો, આ કામે ડોકટર આઇસા મોહંમદ રફીક મેમણ કે જેમણે ભોગબનનાર તેમજ આરોપીની શારીરિક તપાસ કરેલ છે તેમની સમક્ષ પણ આરોપીએ જણાવેલ છે કે, ''આશરે બે વર્ષથી તેઓ ભોગબનનારને જાણતા હતા. તેઓ શરૂઆતના બે મહીના સુધી એકબીજા સાથે ફોન ઉપર વાતચીત કરતા હતા. ત્યારબાદ તેઓ સાથે નકકી કરીને આરોપીના ઘરેથી ભાગી ગયા હતા. ભાગ્યા બાદ તેઓ ચાલતા ચાલતા ડીસા હાઇવે સુધી ગયા પછી ત્યાંથી બસમાં અમદાવાદ ભાગી ગયા હતા. અમદાવાદ એક મહીના જેટલું સાથે રહયા અને પછી ત્યાંથી જલોત્રા પાસે આવેલ ગોળા ગામે આવી ગયેલ. ત્યાં આવવાના બે મહીના પછી બેન પ્રેગનેન્ટ થયા હતા. ત્યાં સાત આઠ મહીના સાથે રહયા પછી ત્યાંથી વડગામ પાસે રહેવા આવી ગયેલ. ત્યાં પહેલા બાળકનો જન્મ થયેલો. જન્મ થયો ત્યાં સુધી ત્યાં રહયા પછી ત્યાંથી તેમની સાસરી રૂપપુરા ગામમાં ગયેલ અને ત્યાં તેમને બીજી પ્રેગનન્સી રહી ગયેલ. ત્યાં તેઓ તેમની સાસરીમાં જ એક બે મહીના સુધી રહયા. ત્યાંથી આશરે ત્રણ મહીના જેટલા ફરીથી જલોત્રા રહયા, તે પછી પાટણ રહેવા ગયેલા અને આશરે પાંચ છ મહીના જેટલું થયું હતું અને છેલ્લી વખત સંબંધ તેમને આશરે એક અઠવાડીયા પહેલાં બાંધેલ છે અને તેઓ કોઇ પ્રોટેકશન યુઝ કરતા ન હતા'' આ પુરાવો જોતાં ન્યાય બાહય કબૂલાત કહી શકાય અને તે એક વધારાની હકીકત તરીકે આરોપી વિરૂધ્ધ ઉપયોગમાં લઇ શકાય તેમ છે. ડોકટરશ્રીએ તેમની ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે આરોપીએ તેમને કોઇ હીસ્ટ્રી જણાવેલ નહી. ત્યારબાદ દર્દીને તપાસતાં તેમને જે માહિતી મળેલી તે માહિતી તેમણે સર્ટીફીકેટમાં લખેલી. તેવા સંજોગોમાં ડોકટરશ્રીને જણાવેલ હકીકત પણ ધ્યાને લઇ શકાય તેમ છે અને આરોપી સામે ઇ.પી.કોડની કલમ- ૩૬૩,૩૬૬

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

(બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨),૮૭) નો ગુનો પુરવાર માનું છું.

**(૨૬)** આરોપી વિરૂધ્ધ આ કામે બી.એન.એસ.ની કલમ-૩૭૬ અન્વયેનું તહોમત મુકવામાં આવેલ છે. હાલનો ગુનો પુરવાર કરવા ફરિયાદપક્ષે પુરવાર કરવું પડે કે આરોપીએ ભોગબનનાર સાથે શારીરિક સંભોગ કરેલ. અન્ય બાબત હાલના કિસ્સામાં ગૌણ બની જાય છે કારણ કે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષ ૧ માસ અને ૧ દિવસની ગુના સમયે હતી. તે સંજોગોમાં તે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની હોઇ તેની સંમતિ કે ઇચ્છા બાબતે કોઇ ચર્ચા કરવાની રહેતી નથી. ભોગબનનારને આંક. ૩૫ થી તપાસવામાં આવેલ છે તેણે તેની સરતપાસમાં જણાવેલ છે કે,''અમો ગોળા તેમજ જુનીનગરી ગામે રહેતા હતા તે દરમ્યાન આરોપીએ મારી સાથે મારી મરજી વિરૂધ્ધ બદકામ કરતો હતો. ગણેશભાઇના કુવા ઉપર અમો ત્રણથી ચાર મહીના સુધી રોકાયેલા હતા તે દરમ્યાન મને શરીરમાં દુખાવો થતાં મને રેવાભાઇ તેમજ ભેમાભાઇ ખેરાલુ પ્રાઇવેટ હોસ્પિટલમાં લઇને ગયેલા અને ત્યાં મારે એક બાળકનો જન્મ થયેલો, જેનું નામ ભાવેશ છે જે હાલ તેની જોડે છે. ત્યારબાદ તેણી તેના માતા પિતાને ત્યાં આવી ગયેલી. ત્યારબાદ ફરીથી આરોપી સાથે મીલનભાઇ ચૌધરીના જલોત્રા મુકામે આવેલ કુવા ઉપર ગયેલ અને ત્યાં ત્રણ ચાર મહીના રોકાયેલા અને આરોપી મારી સાથે મીલનભાઇના કુવા ઉપર પણ બદકામ કરતો હતો.''

**(૨૭)** આ મુદ્દે સાહેદની ઉલટ તપાસ દરમ્યાન તેણી પોતાના કથનથી ચલીત થતી નથી. આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવી છે તે જોતાં સ્થળ ઉપર જે બળાત્કારનું કૃત્ય આરોપીએ કરેલ છે તે હકીકતને ચોકકસપણે સીધેસીધી પડકારેલ નથી, પરંતું તેણી

આરોપી સાથે પોતાની મરજીથી ગયેલી અને આરોપીએ કોઇ દબાણ કરેલ નથી અને આરોપીએ તેણીની સાથે સંબંધ બાંધવા માટે તેણીને કોઇ બળજબરી કરેલી નહી અને આરોપી અને તેણી મરજીથી બંને સાથે રહેતા હતા. તેમજ અમદાવાદ, ગોળા, જલોત્રા, વડગામ તેણી આરોપી સાથે પોતાની મરજીથી રહેલી અને તે દરમ્યાન તેણીએ કોઇને ફોન કરેલ હોય કે કોઇની મદદ માંગેલ હોય તેવું બનેલ નથી તેવી હકીકતો પુછેલ છે, જેનો ભોગબનનારે સ્વીકાર કરેલ છે. આમ, આરોપી તરફે તે બધી બાબત આજુબાજુની ઉલટ તપાસ કરવામાં આવી છે અને માત્ર ડિનાઇલ સ્વરૂપમાં આ હકીકતને પડકારવામાં આવેલ છે.

(૨૮) આ કામે ભોગબનનારાની જુબાનીમાં આંક. ૩૬ સી.આર.પી.સી. કલમ–૧૬૪ (બી.એન. એસ. એસ. ની કલમ–૧૮૩) નું નિવેદન રજુ થયેલ છે અને જેમાં ભોગબનનારે ત્રીજા એડીશનલ ચીફ જયુડી.મેજી. શ્રી, પાલનપુર નાઓ સમક્ષ તા . ૧૪/૦૭/૨૦૨૫ ના રોજ નિવેદન આપેલ છે કે, ''તેમના ખેતરની નજીક આવેલ ખેતરમાં રેવાભાઇ રાજાભાઇ આદિવાસી રહે. વાઘડાચા તા. દાંતા તેમના ખેતરમાં અવાર નવાર આવતો હતો જેથી તેમની વચ્ચે વાતચીત થતી હતી, તે તેણીની સાથે બોલવા માંગતો હતો પરંતું તેણીએ તેને કહેલ કે મારી ઉંમર નાની છે જેથી મારે તારી સાથે બોલવું નથી તેમ છતાં તે તેણીને હેરાન કરતો હતો. ત્યારબાદ બે વર્ષ અગાઉ તેણી દિનેશભાઇના ખેતરમાં આવેલ તેમની ઓરડીમાં સુતી હતી ત્યારે રાત્રીના સમયે તેણી ઉંઘમાં હતી ત્યારે રેવાભાઇ રાજાભાઇ તેણીને ઉપાડીને લઇ ગયેલા અને સવારમાં તેણીએ આંખ ખોલી તો તેણી રેવાભાઇના ઘરે વાઘડાચા મુકામે હતી, ત્યાં રેવાભાઇએ તેણીને એક અઠવાડીયા સુધી તેના ઘરે રાખેલ. ત્યારબાદ ગોળા મુકામે

ચકાભાઇના ઘરે તેણીને લઇ ગયેલ અને આશરે ત્રણેક માસ જેટલી રાખેલી, ત્યાંથી વડગામ તાલુકાના જુનીનગરી ગામના સરપંચ ગણેશભાઇના ત્યાં લઇ ગયેલ અને તેમના ખેતરમાં આવેલ ઓરડીમાં તેણીને રાખેલી અને ત્યાં અવાર નવાર તેની સાથે જબરજસ્તી કરી શરીર સંબંધ બાંધેલો. તે જગ્યાએ રેવાભાઇના ભાઇ ભેમાભાઇ અને તેમની પત્ની મંજુબેન પણ રહેતા હતા અને બધા ખેતરમાં કામ કરતા હતા, ત્યાં એક રાત્રે આશરે બે વાગ્યાના સુમારે તેણીને પેટમાં દુખાવો ઉપડતાં તેણીના ઘરવાળા રેવાભાઇ અને તેણીના જેઠ જેઠાણી ગાડીમાં બેસાડીને ખેરાલુ દવાખાને લઇ ગયેલા અને ત્યાં બાળકનો જન્મ થયેલો અને ત્યાં દવાખાનામાંથી રજા આપતાં તેણીને તેના પતિ રેવાભાઇ તેના માતા પિતાના ઘરે રૂપપુરા મુકી ગયેલા અને આશરે મહીના પછી તેના પતિ તેણીને ભુતેડી ગામે કિર્તીભાઇના ખેતરમાં લઇ ગયેલા અને ત્યાં ઓરડીમાં રહેતા હતા અને તેના પતિ ખેતરમાં ટ્રેકટર હાંકતા હતા, ત્યાં તેઓ આશરે બે માસ સુધી રોકાયેલા અને ત્યારબાદ જલોત્રા મુકામે મીલનભાઇ ચૌધરીના કુવા પર ત્રણ માસ સુધી રોકાયેલા, ત્યાં તેણીને તેના પતિ મારઝુડ કરતા હતા જેથી તેમની શેઠાણી સિતાબેને તેની માતાને ફોન કરી જણાવેલ કે તમારી દિકરીને અહીથી લઇ જાવ નહી તો તેનો પતિ તેને મારી નાંખશે પરંતું તેણીને લેવા માટે તેના માવતરેથી કોઇ આવેલ ન હતું. ત્યારબાદ તેના પતિ તેને પાટણના ડેગડી મુકામે અમરતભાઇના કુવા ઉપર લાવેલા અને ત્યાં તેઓ પાંચેક માસ સુધી રોકાયેલા તે વખતે તેણી ગર્ભવતી હતી તેમ છતાં તેના પતિએ બે વખત માર મારેલો. ત્યારબાદ ગયા શુક્રવારે પોલીસ સાંજના છ વાગ્યાના સુમારે અમરતભાઇના કુવા ઉપર આવેલી અને તેણીને તેમજ તેના પતિને પકડીને લઇ ગયેલી અને ત્યારબાદ તેણીને મેડીકલ કરાવવા માટે દવાખાને

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

મોકલેલી. આ સિવાય તેણીને બીજું કંઇ કહેવુ નથી.'' આમ, ભોગબનનારે તેના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ ના નિવેદનમાં પણ આરોપી તેના ખેતરમાં અવાર નવાર આવતો હતો અને તેની સાથે બોલવા માંગતો હતો અને તેણીની ઉંમર નાની છે તેમ છતાં તે તેણીને હેરાન કરતો હતો અને બનાવ સમયે તેણી દિનેશભાઇના ખેતરમાં આવેલ તેમની ઓરડીમાં સુતી હતી ત્યારે રાત્રીના સમયે તેણી ઉંઘમાં હતી ત્યારે આરોપી તેણીને ઉપાડીને લઇ ગયેલ છે અને વાઘડાચા મુકામે એક અઠવાડીયા સુધી તેના ઘરે રાખેલ છે અને ત્યારબાદ ગોળા મુકામે તેમજ વડગામ તાલુકાના જુનીનગરી ગામે ખેતરમાં આવેલ ઓરડીમાં રાખેલ છે અને ત્યાં અવાર નવાર તેણીની સાથે જબરજસ્તીથી શરીર સંબંધ બાંધેલો છે. વધુમાં, આરોપી તરફે એવા પ્રકારનો બચાવ લેવામાં આવેલ છે કે, ભોગબનનાર અને આરોપી જયાં જયાં રોકાયેલ તે ગોળા, જલોત્રા, વડગામ તથા પાટણ મુકામે રોકાયેલ ત્યાં આરોપી ભોગબનનારને ભગાડીને લઇ આવેલ છે તેવું ભોગબનનારને કોઇને પણ કહેલ નથી કે ફોન ધ્વારા તેણીના માતા પિતાનો સંપર્ક કરવાનો પણ પ્રયત્ન કરેલ નથી. તેમજ ડોકટરનો પુરાવો જોતાં ભોગબનનાર અને આરોપીના શરીર ઉપર કે ગુપ્ત ભાગે કોઇ ઈજાના નિશાન જણાય આવેલ નથી જેથી આરોપીએ બળજબરી કરેલ હોવાનું પુરવાર થતું નથી. પરંતું આ કામે ખુદ ભોગબનનારનો કોર્ટ રૂબરુનો પુરાવો જોવામાં આવે તો, તેણીએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીએ તેણીની સાથે બળજબરીથી બદકામ કરેલ છે. આમ, આરોપીએ તેની સાથે બળજબરીપુર્વક બદકામ કરેલ હોય અને તેના કારણે તેણીના શરીર ઉપર કોઇ ઈજા થયેલ ન હોય તેટલા માત્રથી ભોગબનનાર સાથે આરોપીએ બળાત્કાર કરેલ નથી અને ભોગબનનાર ખોટી જુબાની આપી રહેલ છે તે માની શકાય નહી. વધુમાં, આરોપી

તરફે એવા પ્રકારનો બચાવ લેવામાં આવેલ છે કે, જાણે ભોગબનનાર પોતાની સંમતિથી આરોપી સાથે ગઈ હોય અને તેની સાથે કોઈ બળાત્કાર ન થયેલ હોવા છતાં કારણ વિના ખોટી ફરિયાદ દાખલ કરી હોય તેવો બચાવ લીધેલ છે. પરંતુ આ હકીકત આરોપીને મદદકર્તા નથી . આમ, ભોગબનનારે આરોપીએ જે કૃત્ય કરેલ છે તેને લગત સ્પષ્ટ પુરાવો આપેલો છે. વધુમાં, આ કામે ભોગબનનારની ઉંમર જોતાં તેણીની સાથે શારીરિક સંભોગ કરવામાં આવ્યો હોય અને જો તેણીની સંમતિથી કરવામાં આવ્યો હોય તો પણ તે સીધેસીધો બળાત્કારની વ્યાખ્યામાં પડે છે. એટલે કે, ફરિયાદપક્ષે તેણીની સાથે શારીરિક સંભોગ કરવામાં આવેલ છે તેટલું પુરવાર કરવું માત્ર જરૂરી છે.

(૨૯) ત્યારબાદ ફરિયાદપક્ષે મેડીકલ તપાસ કરનાર સાહેદ ડોકટર આઈસા મોહમંદ રફીક મેમણને આંક. ૦૯ થી તપાસવામાં આવેલ છે. સદર ડોકટર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ ડેપ્યુટેશન ઉપર સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે ફરજ પર હતા ત્યારે ચાદી સાથે ભોગબનનારને રાત્રીના ૯-૪૫ વાગે મેડીકલ પરીક્ષણ માટે લાવેલ. ભોગબનનારે તેમની સમક્ષની હીસ્ટ્રીમાં જણાવેલ કે,'' છેલ્લા બે વર્ષથી આરોપી અને ભોગબનનાર એકબીજાને ઓળખે છે અને એકબીજા સાથે રહેતા હતા અને છેલ્લા શરૂઆતમાં ત્રણ ચાર મહીના સુધી ઓળખાણમાં હતા અને પછી તેને ભગાડીને આરોપી લઈ ગયેલ હતો અને બંનેએ વારંવાર તે સમય દરમ્યાન સંબંધો બાંધેલા છે. છેલ્લી વારનો સંબંધ તેમણે આશરે ૧૫ દિવસ પહેલાં બાંધેલો અને તે દરમ્યાન તેમણે કોઈ પ્રોટેકશન કરેલ નથી અને છેલ્લે તેઓ પાટણ પાસે રહેતા હતા અને ભોગબનનાર બીજીવાર પ્રેગનેન્ટ છે અને આશરે આઠ મહીનાથી ગર્ભવતી છે'' તેણીને તેઓએ તપાસેલ. તેણીના જણાવ્યા મુજબ તેણી અપરિણીત

હતી. તેના શરીરે કોઇ ઈજાના નિશાન ન હતા. કપડા બદલેલા હતા અને સ્નાન કરેલ હતું. તેણીનીએ આરોપી સાથે છેલ્લે ૧૫ દિવસ પહેલાં શારીરિક સંબંધ બાંધેલ હતો. તેણીની બે વાર પ્રેગનન્ટ થયેલાનું જણાવેલું, તેણીનું એક બાળક હયાત હતું, દોઢ વર્ષ પહેલાં તેની ડીલીવરી થયેલી હતી. તેણીની પ્રથમ ડીલીવરી ખેરાલુ સિવિલ હોસ્પિટલ મુકામે થયેલાનું જણાવેલું. તેણીને ૩૪ થી ૩૪૬ અઠવાડીયાનો ગર્ભ હોવાનું જાણવા મળેલ. તેનો ડીલીવરીનો સમય બાકી હતો. એફ.એસ.એલ. પરીક્ષણ સારૂ તેણીના નમુના લીધેલા અને જે એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપેલ છે.

(૩૦) વધુમાં, ડોકટર હર્ષદકુમાર ડાહ્યાલાલ વૈધ તેમની આંક. ૯૫ ની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ખેરાલુ મુકામે ગાયનેકોલોજીસ્ટ તરીકે હોસ્પિટલ ધરાવે છે.. તા. ૫/૦૮/૨૦૨૪ ના રોજ ભોગબનનાર સાંજના આશરે ચારેક વાગ્યાના સમયે ડીલીવરી કરાવવા માટે આવેલ હતા અને તેમણે તેમને પતિ-પત્ની હોવાનું જણાવેલ હતું. પરંતું તેમણે તેમના સ્ટાફ તેમજ રજીસ્ટરમાં ભોગબનનારે તેનું અસલ નામ છુપાવીને પિન્કીબેન એવું નામ લખાવેલ હતું. ભોગબનનારને પ્રસુતીનો દુખાવો ઉપડેલ હોઇ જે તે સમયે તેમના નામ અંગેનો કોઇ આધાર પુરાવો માંગેલ નહી પરંતુ માનવતાની રીતે તેમની સારવાર ચાલુ કરેલી અને તેમની હોસ્પિટલમાં એક બાળકને જન્મ આપેલો. તેમની જુબાનીમાં આંક. ૯૬ થી બાળકના જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે જેમાં ભોગબનનારનું માતા તરીકે નામ લખાયેલ છે અને તેમાં પિન્કીબેન લખાયેલ છે અને તેમના પતિ તરીકેનું નામ રેવાભાઇ કોદરવી લખાયેલ છે. તેમજ આંક. ૯૭ થી હોસ્પિટલનો જનરલ રજીસ્ટરનો ઉતારો રજુ થયેલ છે તેમાં પણ ભોગબનનાર માતાનું

નામ પિન્કીબેન તરીકે લખાયેલ છે. આંક. ૯૮ ના બાળકના જન્મના દાખલામાં પણ તે મુજબ લખાયેલ છે. તેમજ આંક. ૯૯ અને ૧૦૦ ના દર્દીની માહિતી અંગેના કાર્ડમાં પણ તેજ રીતે બાળકની માતાનું નામ પિન્કીબેન અને પિતાનું નામ રેવાભાઇ રાજાભાઇ કોદરવી લખાયેલ છે. આમ, આ સાહેદનો પુરાવો જોતાં પણ તેમની હોસ્પિટલમાં ભોગબનનાર અને આરોપીના બાળકનો જન્મ થયેલ છે. કોઈ કારણ સર ભોગબનનારનું નામ પિન્કીબેન તરીકે લખાવેલ છે. પરંતું ખુદ ભોગબનનારનો પુરાવો જોવામાં આવે તો આરોપીએ ભોગબનનાર સાથે બદકામ કરેલ જેના કારણે ભોગબનનારને પેટમાં દુખાવો થતાં તેણીને ખેરાલુ મુકામે દવાખાને લઈ જવામાં આવેલ અને ત્યાં તેણીને બાળકનો જન્મ થયેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે ત્યારે ભોગબનનારના પુરાવાને ડોકટરના પુરાવાથી સંપુર્ણપણે સમર્થન મળે છે અને આરોપીએ ભોગબનનાર સાથે બદકામ કરેલ હોવાના કારણે ભોગબનનાર ગર્ભવતી બનેલ અને તેના કારણે તેણીને બાળકનો જન્મ થયેલ હોવાનું પુરવાર થાય છે.

(૩૧) ફરિયાદપક્ષે ફરિયાદી/ભોગબનનારની માતાએ તેમની આંક. ૩ર ની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે ખેતરમાં મજુરી કામ કરી ઘરે આવેલા ત્યારે આ કામના આરોપી તેમની ભોગબનનાર દિકરીને ભગાડીને લઇ ગયેલા. ત્યારબાદ તેમની ભોગબનનાર દિકરીની આજુબાજુમાં તેમજ સગા વ્હાલામાં શોધખોળ કરેલ અને દિકરી પાછી આવી જશે તેમ માનીને જે તે વખતે તરત ફરિયાદ કરેલ નહી પરંતુ તેમના ખેતર માલિકને તેમણે જાણ કરેલી અને ત્યારબાદ સગા સબંધીઓને પણ જાણ કરેલી અને તેમની ગુમ થયેલ દિકરી બાબતની તેઓએ પોલીસ સ્ટેશનમાં આવી ફરિયાદ કરેલી. જે ફરિયાદ આંક. ૩૩ થી રજુ

થયેલ છે. વધુમાં, ફરિયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમની ભોગબનનાર દિકરી મળી આવ્યા બાદ તેમને જણાવેલ કે, આરોપી તેણીને ભગાડીને લઇ ગયેલ અને તેની સાથે ખરાબ કૃત્ય કરેલાનું જણાવેલ. તેમની ભોગબનનાર દિકરીને હાલમાં બે સંતાન છે જેમાં એક દિકરો તેમજ એક દિકરી છે અને આ બંને સંતાનો તેમની દિકરી તેમના ત્યાં રહેતી હોય તેમના ત્યાં છે. આમ ફરિયાદીનો પુરાવો જોતાં તેમની દિકરી ગુમ થયા અંગેની ફરિયાદ આપેલી અને ત્યારબાદ તેમની દિકરી મળી આવતાં આરોપી તેણીને ભગાડી ગયેલ અને તેની સાથે ખરાબ કૃત્ય કરેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ આ સાહેદના પુરાવાથી ભોગબનનારના પુરાવાને સમર્થન મળે છે. બચાવપક્ષ તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ફરિયાદ ૨૩ દિવસ મોડી આપવા માં આવેલ છે અને તે બાબતે કોઇ વ્યાજબી ખુલાસો કરેલ નથી. પરંતુ આ દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. ભોગબનનાર એક સગીર વયની નાની બાળકી છે અને તેની સાથે આવો બનાવ બનેલ હોય ત્યારે સમાજમાં ઇજજત આબરૂ જવાની બીકે તાત્કાલીક કોઇ ફરિયાદ આપેલ ન હોય અને ત્યારબાદ તેમના શેઠ હરીધ્વારથી પરત આવેલ અને તેઓએ ફરિયાદ આપવા માટે કહેલ હોય અને હિંમત આપેલ હોય અને ત્યારબાદ ફરિયાદ કરેલ હોય અને તેથી મોડી ફરિયાદ કરવામાં આવેલ હોય તેથી આરોપીએ ભોગબનનાર સાથે આવું કોઇ કૃત્ય કરેલ નથી તેવું માની શકાય નહી.

**(એ)** ફરિયાદીની બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો ફરિયાદમાં શું લખેલ તે વાંચેલ નહી કે પોલીસે વાંચી સંભળાવેલ નહી તેમ જણાવેલ છે. પરંતુ ફરિયાદી જે અભણ આદિવાસી જ્ઞાતિના અને મજુરી કરતા વ્યકિત છે અને તેમને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ વાંચી સંભળાવેલ કે નહી તેનો ખ્યાલ ન હોય

અને જયારે ખુદ ભોગબનનાર પોતાની જુબાનીમાં આરોપીએ તેની સાથે બદકામ કરેલ હોવાની હકીકત જણાવતી હોય ત્યારે ફરિયાદ ખોટી કરેલ છે કે પાછળથી ઉભી કરેલ છે તેવો બચાવપક્ષનો બચાવ માની શકાય તેમ નથી. ફરિયાદીની વધુ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેમની ભોગબનનાર દિકરીને બનાવ સમયે કોણ લઇ ગયેલ તેની તેમને ખબર ન હતી. આમ, જયારે બનાવ બનેલ તે વખતે ભોગબનનારને કોણ લઇ ગયેલ તેની ફરિયાદીને ખબર ન હોય કારણ કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવ અંગે તેઓને કોઇ જાત માહિતી નથી.

(૩૨) ત્યારબાદ સાહેદ/ભોગબનનારના પિતાને આંક. ૩૪ થી તપાસેલ છે અને તેઓ ફરિયાદીના પુરાવાને અનુરૂપ પુરાવો આપે છે. તેઓને પણ બનાવ અંગેની કોઈ જાત માહિતી નથી કે બનાવ તેઓએ નજરોનજર જોયેલ નથી. તેમના પુરાવા મુજબ ભોગબનનાર દિકરી મળી આવ્યા બાદ તેમને જણાવેલ કે, આ કામના આરોપી તેણીને ભગાડીને લઇ ગયેલ અને તેના થકી તેણીને બે સંતાન હોવાનું જણાવેલ. આમ આરોપી ભોગબનનારને ભગાડીને લઇ ગયેલ અને આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરૂધ્ધ બદકામ કરેલ અને તેના કારણે તેણીને બે સંતાનોનો જન્મ થયેલ હોવાની હકીકતને આ સાહેદના પુરાવાથી સમર્થન મળે છે.

(એ) આ સાહેદની બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેમની ભોગબનનાર દિકરીને બનાવ સમયે કોણ લઇ ગયેલ તેની તેમને ખબર ન હતી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમના સમાજમાં એકબીજાને પસંદ કરતા હોવાથી છોકરા છોકરી એકબીજા સાથે રહેતા હોય છે અને સંતાન થયા બાદ લગ્ન કરવામાં આવતા હોય છે. તેઓએ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ

છે કે, તેમની ભોગબનનાર દિકરીના લગ્ન તેઓએ સમાજના રીત રિવાજ મુજબ કરેલા અને તેમની ભોગબનનાર દિકરીના સંતાનો તેના લગ્ન બાદ થયેલા. આમ, આ સાહેદની ઉલટ તપાસ જોતાં પણ આરોપીને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી.

(૩૩) સાહેદ મનિષભાઇ ગંગારામભાઇ પટેલ તેમની આંક. ૩૭ ની જુબાની તથા સાહેદ અંકીતભાઇ ગંગારામભાઇપટેલ તેમની આંક. ૩૮ ની જુબાનીમાં આરોપી તેમના ત્યાં ૨૦૨૩ ની સાલના ચોથા પાંચમા મહીનામાં ડ્રાઇવર તરીકે નોકરી કરતો હતો અને તેને માસિક રૂા. ૮,૦૦૦/- પગાર આપતા હતા. તે સવારે તેમના ત્યાં નિયમિત નોકરી આવતો હતો અને ત્યારબાદ અચાનક જ મે-૨૦૨૩ ના મહીનાથી કયાંક જતો રહેલો અને તેમને વાતોવાતથી ખબર પડેલ કે તેમની બાજુમાં કામ કરતા દિનેશભાઇ પટેલના ફાર્મ હાઉસ ઉપર નોકરી કરતા સાબુરીબેનની છોકરી પણ તે સમયે ગુમ થયેલ હતી. આ બંને સાહેદો તેમની ઉલટ તપાસમાં શબુરીબેન અને તેના પરિવાર બાબતે તેમને કોઇ જાત માહિતી નથી તેમ જણાવેલ છે. પરંતુ આ બંને સાહેદોના પુરાવાથી એટલી હકીકત તો નીકળી આવે છે કે આરોપી તેમના ખેતરમાં ડ્રાયવર તરીકે નોકરી કરતો હતો અને અચાનક જ મે-૨૦૨૩ ના મહીનાથી કયાંક જતો રહેલો. તેઓએ આરોપીને કોર્ટ રૂબરુ ઓળખી બતાવેલ છે. આમ, બનાવ તા. ૨/૦૫/૨૦૨૩ ના રોજ બનેલ છે અને તે સમયે જ આરોપી તેમના ત્યાંથી જતો રહેલો છે.

(૩૪) સાહેદ રણજીતસિંહ પરબતસિંહ રાણા તેમની આંક. ૩૯ ની જુબાનીમાં દોઢેક વર્ષ પહેલા રેવાભાઇ તથા તેમની સાથે એક બહેન તેમના ખેતરે મજુરી અર્થે કામકાજ માટે આવેલા અને

માસીક રૂા. ૫,૦૦૦/– મજુરી આપતા હતા અને તેઓ ખેતરની ઓરડીમાં રહેતા હતા અને તેઓ પતિ–પત્ની તરીકેનું જણાવેલ. ત્યારબાદ થોડા સમય પછી તેઓ તેમના ત્યાંથી જતા રહેલા. તેમના ત્યાં ભાગીયા તરીકે રહેતા આરોપીને તેઓએ કોર્ટ રૂબરુ ઓળખી બતાવેલ છે. તેજ રીતે સાહેદ અમરતભાઇ નાગજીભાઇ રબારી તેમની આંક. ૪૦ ની જુબાનીમાં તેમના ભેસોના તબેલામાં રેવાભાઇ નામના વ્યકિતને દોઢેક વર્ષ પહેલા રાખેલા અને રેવાભાઇની સાથે તેમના કહયા મુજબ તેમની પત્ની તથા એક બાળક સાથે તેમના ઢોરોના તબેલા માટે આવી અને મજુરી કામ બાબતે પુછતાં તેમને કામકાજ બાબતે રકાખેલા. બે મહીના જેટલું રોકાયેલા અને પછી જતા રહેલા. તેમના ત્યાં મજુર તરીકે રહેતા રેવાભાઇ ને કોર્ટ રૂબરુ આરોપી હાજર છે તેને ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સાહેદ ગણેશભાઇ સરદારભાઇ ચૌધરી તેમની આંક. ૪૧ ની જુબાનીમાં બે ચાર વર્ષ અગાઉ તેમના ત્યાં ભેમજીભાઇ કરીને આદિવાસી નોકરી કરતો હતો અને પરિવાર સાથે રહેતો હતો અને તેના કહેવાથી રેવાભાઇ ખરાડી તેમનો સગો ભાઇ થતો હોઇ તેની સાથે તેની પત્ની ભોગબનનાર આવેલા અને ભોગબનનાર પ્રેગનેન્ટ હોવાથી તેમના ત્યાં બે માસ રહેલા અને તેઓ તેમના ત્યાં ઢોરોની મજુરીનું કામ કરતા હતા અને માસીક રૂા. ૭,૦૦૦/– પગાર આપતા હતા અને રેવાભાઇની પત્ની પ્રેગનેન્ટ હોઇ તેમની પ્રસુતીનો દુખાવો ઉપડતો હોઇ રૂા. ૧૧,૦૦૦/– રેવાભાઇ તેમના ભાઇ ભેમાભાઇ તથા ભેમાભાઇની પત્નીની હાજરીમાં આપેલા અને ખેરાલુ મુકામે અલ્કા હોસ્પિટલમાં લઇ ગયેલા અને ત્યાં દિકરાનો જન્મ થયેલો. તેમના ત્યાં મજુર તરીકે રહેતા રેવાભાઇ જે કોર્ટમાં હાજર આરોપી છે તેને ઓળખી બતાવેલ છે. આમ, ભોગબનનારના પુરાવા આરોપી તેણીને ભગાડીને લઇ ગયેલ અને આ સાહેદ

રણજીતસિંહ પરબતસિંહ રાણા તેમજ સાહેદ અમરતભાઇ નાગજીભાઇ રબારી અને સાહેદ ગણેશભાલઈ સરદારભાઇ રબારીના ખેતરે તેણીને ઓરડીમાં રાખેલ અને તેની સાથે બદકામ કરેલ અને તેણીને આરોપી થકી બાળકનો જન્મ થયેલ તે હકીકતને આ સાહેદોના પુરાવાથી સમર્થન મળે છે. આ સાહેદોનો બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં આરોપીને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી.

(૩૫) સાહેદ દિનેશભાઇ મોહનભાઇ પટેલ તેમની આંક. ૪ર ની જુબાનીમાં જણાવે છે કે, સને ર૦ર૩ ની સાલમાં રૂપાભાઇ કરીને આદીવાસી ભાગીયો હતો અને તેમની પત્ની તથા ત્રણેક બાળકો હતા. સને ર૦ર૩ ની સાલમાં બનાવ બનેલો તે વખતે તેઓ હરીધ્વાર ગયેલા હતા, તે વખતે એપ્રીલ મહીનો હશે. રૂપાભાઇએ તેમને ટેલીફોન ધ્વારા જાણ કરેલ કે તેમની દિકરી ગુમ થયેલ છે જેથી તેઓએ કહેલ કે તેઓ હરીધ્વાર ગયેલ છે અને હરીધ્વારથી પરત આવીને વાત. ત્યારબાદ તેઓ ઘરે આવતાં રૂપાભાઇએ જણાવેલ કે, આ તેમની દિકરીને અંકીતભાઇ પટેલ જેમનું ખેતર આપણી બાજુમાં આવેલ છે અને તે ટ્રેકટર ઉપર ડ્રાઇવીંગ કરતો માણસ જે આદીવાસી છે જે તેને લઇ ગયેલ છે તેવી વાત તેમને કરેલી. ઉલટ તપાસમાં બનાવ બાબતે તેમને કોઇ માહિતી નથી તેમ જણાવેલ છે. આમ, આ સાહેદનો પુરાવો જોતાં બનાવ અંગેની જાણ ભોગબનનારના પિતાએ તેમને કરેલી છે તે હકીકતને આ સાહેદના પુરાવાથી સમર્થન મળે છે.

(૩૬) સાહેદ ભેમાભાઇ રાજાભાઇ કોદરવી તેમની આંક. ૪૫ ની જુબાનીમાં તથા સાહેદ મંજુબેન ભેમાભાઇ કોદરવી તેમની આંક. ૪૬ ની જુબાનીમાં જણાવે છે કે, દોઢેક વર્ષ પહેલા ગણેશભાઇ સરદારભાઇ ચૌધરી રહે. જુનીનગરી તા. વડગામ વાળાના

ખેતરમાં તેઓ નોકરી કરતા હોય તેમનો ભાઇ/દિયર રેવો (આરોપી) મજુરી અર્થે ત્યાં આવેલ હતો અને તેમનો ભાઇ/દિયર રેવો દિવસે આવતો અને રાત્રે જતો રહેતો હતો. તેમના શેઠ ગણેશભાઈએ તેઓ જયારે બે અઠવાડીયા જેટલા સમય તેમના વતન ગયેલ ત્યારે રૂપીયા સાત હજાર તેમના/તેમના પતિના કહેવાથી રેવાને ડીલીવરીના પ્રસંગ હોઇ તેને આપેલા તેવુ તેમના શેઠે જણાવેલ હતું. આમ, આ સાહેદોનો પુરાવો જોતાં આરોપી ભોગબનનારની ડીલીવરી કરાવવા માટે રૂપીયા સાત હજાર તેમના શેઠના પાસેથી લઇ ગયેલ હોવાની હકીકત જણાય આવે છે.

(૩૭) આ કામે આંક. ૧૬ અને ૧૮ થી ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચોને તપાસેલ છે અને તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી અને ફરી ગયેલ જાહેર થયેલ છે. પરંતું આંક. ૧૭ ના પંચનામામાં તેમની સહી હોવાનું કબુલ રાખે છે. તેમને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી એડી.પી.પી. શ્રી ધ્વારા તેમની કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ પંચનામાની લેશમાાત્ર હકીકતને સમર્થન આપતા નથી. ત્યારબાદ આંક. ૧૯ થી ભોગબનનાર અને આરોપીની શરીરસ્થિતિ તથા ભોગબનનાર અને આરોપીના કપડાં પંચનામાની હકીકતે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ મનિષાબેન ગણેશભાઇ ચૌધરીને તપાસેલ છે અને તેઓએ પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે. અને તેમના પુરાવા મુજબ ભોગબનનાર અને આરોપીના કપડાં પંચનામાની હકીકતે કબજે લેવામાં આવેલ છે. આંક. ૨૬ થી ભોગબનનાર અને આરોપી જે જગ્યાએ રોકાયેલ તે દગડી મુકામે અમરતભાઇ રબારીના ખેતરની ઓરડી તથા રણજીતભાઇ પરબતભાઇ રાણાના ગોળા મુકામે આવેલ ખેતરમાં આવેલ ભેસોના તબેલા પાસે આવેલ ઓરડીના પંચનામાના પંચ સંજયભાઇ સવરામભાઇ પટેલને તપાસેલ છે. અને તેઓ

પંચનામાની હકીકતને સમર્થન આપે છે. સદર જગ્યા ભોગબનનારે બતાવેલ છે અને તે મુજબનું પંચનામું પંચ સાહેદની હાજરીમાં કરવામાં આવેલ છે અને આ બંને જગ્યાએ આરોપીએ ભોગબનનાર સાથે દુષ્કૃત્ય કરેલ હોવાની હકીકત ભોગબનનારે જણાવેલ છે.

(૩૮) પી.એસ.ઓ. રણજીતસિંહ ચતરસિંહ ગેલોત તેમની આંક. ૪૯ ની જુબાનીમાં જણાવે છે કે, તેઓ પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે. માં પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા ત્યારે પી.આઇ. આર.બી. ગોહીલ રૂબરુની ફરિયાદ ગુનો રજીસ્ટર થવા સારૂ તેમની તરફ મોકલી આપતાં, તેઓએ ફરિયાદ આધારે ગુન્હો રજીસ્ટર કરેલ છે. ત્યારબાદ આગળની તપાસ પી.આઇ. ગોહીલને સોંપેલ છે. આમ આ સાહેદે માત્ર ફરિયાદ આધારે ગુન્હો રજીસ્ટર કરેલો છે. તેમને બનાવ બાબતે કોઇ જાત માહિતી નથી કે બનાવ નજરે જોયેલ નથી.

(૩૯) ત.ક.અધિકારી મેઘલાતર બ્રિજેશકુમાર પ્રતાપભાઇ તેમની આંક. ૫૩ ની જુબાનીમાં જણાવે છે કે, જે તે વખતના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી અને ફાઇનલ રીપોર્ટ એ ફાઇલે ભરેલ હોઇ ના. કોર્ટમાં રીપોર્ટ રજુ કરેલો . ત્યારબાદ પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના હુકમ આધારે તેઓને આ ગુનાની તપાસ સોંપવામાં આવતાં તેઓએ ગુનાની તપાસ સંભાળી લઇ ભોગબનનાર તથા આરોપીની શરીરસ્થિતિનું પંચો રૂબરુ પંચનામું કરી કપડાં કબજે કરેલ . આરોપી તેમજ ભોગબનનારનું મેડીકલ તપાસણી કરાવેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન લેવડાવેલ. ભોગબનનાર તથા આરોપીના તેમજ બાળકના ડી. એન. એ. ટેસ્ટ કરાવેલ અને રવાનગી નોંધ તૈયાર કરી

એફ.એસ.એલ. ગાંધીનગર મોકલવાની તજવીજ કરેલ. તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરશાવો હોય ચાર્જશીટ કરેલ. આમ તેમની તપાસને અનુરૂપ પુરાવો આપેલો છે. તેમની ઉલટ તપાસમાં તેઓએ જે તે જગ્યાએથી કોઇ સી.સી.ટી.વી. ફૂટેજ કબજે કરેલ નથી. ભોગબનનાર, ભોગબનનારના બાળક તેમજ આરોપીનું ડી.એન.એ. સેમ્પલ મેળવ્યા અંગે તેઓએ કોઇ પંચનામું કરેલ નથી. તા. ૧૭/૦૭/૨૦૨૫ ના રોજ ડી.એન.એ. સેમ્પલ મેળવ્યા બાદ તા. ૧૯/૦૭/૨૦૨૫ સુધી તે કોની કસ્ટડીમાં રહેલ તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નથી.

(૪૦) ત.ક.અધિકારી ગોહીલ રવિરાજસિંહ બટુકસિંહ તેમની આંક. ૭૪ ની જુબાનીમાં જણાવે છે કે, ફરિયાદીએ તેમની રૂબરુ પોતાની હકીકત જાહેર કરતાં ફરિયાદીના લખાવ્યા મુજબની હકીકત લખી લીધેલ અને સદરહું ગુનો પી.એસ.ઓ. ને દાખલ કરવા મોકલી આપતાં તેઓએ ગુનો રજીસ્ટર કરી તપાસ તેમની તરફ મોકલી આપેલ. તેઓએ તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા, બનાવવાળી જગ્યાનુ પંચો રૂબરુ પંચનામું કરેલ. આગળની તપાસ પી.આઇ. મેઘલાતરે કરેલ. આ સાહેદની બચાવપક્ષ તરફે લંબાણપુર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ જેનાથી આરોપીને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી.

(૪૧) આ કામે આંક. ૬૯ થી એફ.એસ.એલ. બાયોલોજી અને સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ રજુ થયેલ છે, જેમાં ભોગબનનાર અને આરોપીનું બ્લડ ગૃપ ''એ'' જણાવેલ છે તેમજ ભોગબનનારના ડોકટરે લીધેલ નમુના તેમજ કપડા ઉપર વિર્ય કે લોહીની હાજરી મળી આવેલ નથી. આંક. ૭૧ અને ૭૨ થી

ડી.એન.એ. રીપોર્ટ રજુ થયેલ છે જે ધ્યાને લેતાં ભોગબનનાર અને આરોપીના ડી.એન.એ. તેમનું બાળક ભાવેશના ડી.એન.એ. સાથે મેચ થાય છે. આમ, સદરહુ બાળક જે ભોગબનનાર અને આરોપીનું હોવાનું ડી.એન.એ. રીપોર્ટ પરથી પણ પુરવાર થાય છે. બચાવપક્ષની દલીલ છે કે, ભોગબનનાર તેમજ ભોગબનનારનું બાળકનું તેમજ આરોપીનું ડી.એન.એ. સેમ્પલ મેળવ્યા અંગે કોઇ પંચનામું કરેલ નથી તેમજ તા. ૧૭/૦૭/૨૦૨૫ ના રોજ ડી.એન.એ. સેમ્પલ મેળવ્યા બાદ તા. ૧૯/૦૭/૨૦૨૫ સુધી તે કોની કસ્ટડીમાં રહેલ તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નથી જેથી ત.ક.અધિકારીએ આ નમુના બાબતે કોઇ ચોકસાઇ રાખેલ ન હોય અને સેમ્પલ બાબતે કોઇ માહિતી આપતા ના હોય ડી.એન.એ. સેમ્પલ રીપોર્ટ આવ્યો છે તે શંકા લાયક છે. પરંતું બચાવપક્ષની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી. કારણ કે, આ કામે ખુદ ભોગબનનારે તેના પુરાવામાં આરોપી સાથેના સહવાસથી તેણીને બાળકનો જન્મ થયેલ છે તેવું જણાવેલ છે. આરોપીએ પણ ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં ભોગબનનાર અને તેઓ ભાગ્યા બાદ અમદાવાદ એક મહીનો રહેલા અને ત્યાંથી જલોત્રા પાસે ગોળા ગામે બે મહીના રહેલા અને બે મહીના પછી બેન (ભોગબનનાર) પ્રેગનેન્ટ થયા હતાા, ત્યાં સાત આઠ મહીના સાથે રહેયા પછી ત્યાંથી વડગામ પાસે રહેવા આવી ગયેલ, ત્યાં પહેલા બાળકનો જન્મ થયેલો. આમ, ભોગબનનાર અને આરોપીના સહવાસથી બાળકનો જન્મ થયેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંક પણે પુરવાર થાય છે ત્યારે બચાવપક્ષની દલીલ માની શકાય તેમ નથી.

(૭૨) જાતીય ગુનાના કિસ્સામાં પુરાવાના મુલ્યાંકન બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતે **<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સી.કે. જૈન,</u>**

**<u>૧૯૯૦(૧), એસ.સી.સી. પાના નં. ૫૫૦</u>** ના ચુકાદાના પેરા– ૧૬ માં નીચે મુજબ ઠરાવેલ છે.

''........ સામાન્ય રીતે ભોગબનનારના પુરાવાને જેવી રીતે ઈજાગ્રસ્ત વ્યકિતને જેટલું વજન આપવું જોઇએ તેટલું આપવું જોઇએ કે જે હિંસાનો ભોગ બનેલ હોય, જયાં સુધી ખાસ સંજોગો ન હોય કે જે વધારે સાવચેતી માંગતા હોય તો એવા કિસ્સામાં જો તેણીનો પુરાવો વિશ્વાસપાત્ર હોય તો તેણીના પુરાવા આધારે વર્તવું સલામાત ગણાશે......''.

**વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે તે કેસમાં વધુમાં અવલોકન કરેલ છે કે,**

ભોગબનનારના પુરાવાને જે સ્થિતિમાં તેણી મુકાયેલી હોય તેની ખાસ સ્થિતિના સંદર્ભમાં મુલવવો જોઇએ. ભોગબનનાર ધ્વારા સામેનાની ગેરહાજરીને તેણીની લાચારીના સંદર્ભમાં જોવી જોઇએ. સામાન્ય રીતે ભારતીય સ્ત્રી કોઇપણ વ્યકિત વિરૂધ્ધ બળાત્કારનો ખોટી રીતે આક્ષેપ નહિ મૂકે જેથી તેના ચારિત્રને અને તેના કુટુંબને અસર થાય.

(૪૩) ઉપરોકત પુરાવો તેમજ રજૂ થયેલ નામદાર ઉપલી અદાલતના ચુકાદા વંચાણે લઈ જોઇએ તો, આ કામે ભોગબનનારની જુબાની દરમ્યાન તુચ્છ વિરોધાભાષ સિવાય કાંઇ વિરૂધ્ધનું આવેલ નથી કે જેનાથી સમગ્ર પુરાવા વિરૂધ્ધ શંકા ઉપસ્થિત કરી શકાય. વધુમાં, ભોગબનનારે જે તેણીની સાથે તેની મરજી વિરૂધ્ધ બદકામ કરતો હતો તેવી જે હકકીત જણાવેલ છે તે હકીકત પણ વધારાની આરોપી વિરુધ્ધ જણાવેલ છે. પરંતુ સામાન્ય સંજોગોમાં કોઇ વ્યકિત સ્વેચ્છાએ કોઇની સાથે જાય ત્યારે પાછળથી તે બાબતે આવા કારણો ઉભા કરે તે સ્વાભાવીક છે. પરંતું તેની સંમતિ હોવાથી હાલના કામે આરોપી સામેના ગુનાની હકીકતને કે ગુનાહિત કૃત્યને કોઇ ફેર પડતો નથી.

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

(૪૪) ભોગબનનારના કથનને તબીકી પુરાવાથી સમર્થન મળે છે. તબીબી પુરાવો તે માત્ર પુષ્ટિકારક પુરાવાનો ભાગ છે. સામાન્ય સાવચેતી તરીકે જાતીય ગુનાના કિસ્સામાં કોર્ટે તબીબી પુરાવાનો આગ્રહ રાખવો જોઈએ, પરંતું જો તબીકી પુરાવો સમર્થનકારી ન હોય તેટલા માત્રથી ભોગબનનારનો પુરાવો ન સ્વીકારવો તેવો કોઇ નિયન નથી અને જો વિશ્વસનિય જણાય તો માત્ર ભોગબનનારનીજુબાનીને આધારે સજા કરી શકાય. નામદાર સુપ્રિમકોર્ટનો **કૃપાલસિંહ વિ. હરિયાણા રાજય** નો ચુકાદો **૧૯૮૧, સુપ્રિમકોર્ટ પેજ નં. ૩૬૧** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં ઠરાવેલ છે કે, ભોગબનનારના ગુપ્તાંગની ઉપર ઈજાની ગેરહાજરી માત્રથી બળાત્કાર કર્યાની હકીકત નકારી શકાય નહી. બળાત્કારના કિસ્સામાં ભોગબનનારનો પુરાવો અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. **આ કામે ભોગબનનરારની ઉંમર જોતાં સંમતિનો પ્રશ્ન અસ્થાને હોઈ ફરિયાદપક્ષે તેણીની સાથે શારીરિક સંભોગ કરવામાં આવેલ છે તેટલું જ પુરવાર કરવાનું રહે છે.** અને તે ફરિયાદપક્ષે ભોગબનનારની સોગંદ ઉપરની જુબાની તેમજ મેડીકલ પુરાવાથી પુરવાર કરેલ છે. આ કામની હકીકત જોતાં આરોપી કે જે પૂખ્ત વયની વ્યકિત છે અને જેને ભોગબનનાર અગાઉથી ઓળખતી હતી અને તેની સાથે ગયેલ છે તે ભોગબનનાર ઉપર જે પ્રભુત્વ ધરાવવાની સ્થિતિમાં હતા તે જોતાં તેણીની સાથે થયેલ દુષ્કૃત્ય વખતે તેણીએ કોઇ બુમાબુમ, રાડારાડ કે વિરોધ ન પણ કર્યો હોય, પરંતું તેની સાથે સ્થાપિત કરવામાં આવેલ શારીરિક સંભોગ બળાત્કારની વ્યાખ્યામાં ચોકકસપણે આવે છે. **બી.એન.એસ.ની કલમ-૬૩** વંચાણે લેતાં, જો વ્યકિત તેમાં જણાવ્યા મુજબના સંજોગોમાં કોઈ સ્ત્રી સાથે સંભોગ કરે તો બળાત્કાર કહી શકાય, તે પૈકી હાલનો કિસ્સો છઠ્ઠા પ્રકારમાં પડે છે. આ કામે ભોગબનનારની ઉંમર ૧૪

વર્ષ ૪ માસ અને ૧ દિવસ જેટલી હતી. આરોપીએ તેણી સાથે શારીરિક સંભોગ કરેલ છે તેને લગતો પુરાવો ભોગબનનારે બે ને બે ચારની જેમ સંપૂર્ણપણે આપેલ છે. તે પુરાવાને સૌપ્રથમ તો મેડીકલ પુરાવાથી સર્મથન મળે છે. ત્યારબાદ દસ્તાવેજી પુરાવાના સમર્થનમાં જોઈએ તો આરોપી ધ્વારા જે હકીકત ડોકટરશ્રીને જણાવવામાં આવેલ છે તે બાબતે જોઈએ તો તે ન્યાયિક બાહ્ય કબૂલાત કહી શકાય, પરંતું તે તદ્દન નબળો પુરાવો છે અને માત્ર તેના આધારે આરોપીને સજા કરી શકાય નહી. નામદાર સુપ્રિમકોર્ટના **Baldev Singh V/S State of Punjab, reported in AIR 2009 SC (Supp) 1629** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે :

“Evidence of extra–judicial confession is generally of a weak nature. No conviction ordinarily can be based solely thereupon unless the same is corroborated in material particulars.”

ઉપરોકત ચુકાદો અને ડોકટરશ્રીનો પુરાવો વંચાણે લેતાં, આરોપીએ ડોકટરશ્રીને જણાવેલ હકીકતને આધારે આરોપી વિરૂધ્ધ ગુન્હો સાબિત માની શકાય તેમ નથી, પરંતું તે હકીકત વધારાના સંજોગો તરીકે ધ્યાને લઈ શકાય, તે સિવાય ભોગબનનારે ડોકટરશ્રી સમક્ષ જે હકીકત દર્શાવેલ છે તેના પુરાવાના સમર્થનમાં ઉપયોગમાં લઈ શકાય. આ કામે ભોગબનનાર અને આરોપી બન્ને સંમતિથી સાથે ગયેલ હોય તેવું જણાય છે પરંતું ભોગબનનારની ઉંમર ૧૬ વર્ષથી નીચેની હોય

આ હકીકત આરોપી વિરૂધ્ધ જાય છે. કારણ કે, સંમતિના કારણસર આરોપીને કોઇ લાભ મળતો નથી.

(૭૫) જયારે ઉપરોકત સિધ્ધાંત ધ્યાનમાં લઇએ તો, જયારે ભોગબનનાર પોતે ચોકકસ પુરાવો આપતી હોય અને તેણી પોતાના પુરાવામાં ડોકટરને આ વાત જણાવેલી તે હકીકત કોર્ટ રૂબરૂ જણાવતા હોય ત્યારે ડોકટરશ્રીએ આપેલ હીસ્ટ્રી પુરાવામાં ગ્રાહય છે અને ભોગબનનારના પુરાવાના સમર્થનમાં તે ધ્યાને લઇ શકાય. તેથી આગળ વધીએ તો આરોપીને જે ડોકટરશ્રીએ તપાસેલ છે તેઓએ પણ આરોપીએ તેમને તેને ભોગબનનાર સાથે શારીરિક સંબંધ બાંધેલાનું જણાવેલ છે. આ બાબત બહુ મહત્વની નથી, પરંતું એક વધારાના સંજોગ તરીકે આરોપી વિરૂધ્ધ વાપરી શકાય તેમ છે. ભોગબનનારે ગુનાવાળી જગ્યા પોલીસને બતાવેલ છે અને ભોગબનનારના જણાવ્યા મુજબ તે પ્રમાણે ગુનાવાળી જગ્યા જણાઇ આવે છે, જે જગ્યાએ આરોપીએ ભોગબનનારની મરજી વિરૂધ્ધ બળજબરીથી તેની સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનું ભોગબનનાર સગીરાએ પંચો રૂબરૂ પણ જણાવેલ છે.

(૭૬) આમ, ઉપરોકત ચર્ચાને અંતે કહી શકાય કે, ભોગબનનાર કે જેની ઉંમર ૧૪ વર્ષ ૪ માસ અને ૧ દિવસની હતી તેણીને તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, લગ્ન કરવા યા લગ્ન બાહય સંભોગ કરવાના ઈરાદે તેણીનું અપહરણ કરી અલગ અલગ જગ્યાએ તેણીને લઇ જઇ તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ બળજબરીપુર્વક શારીરિક સંબંધ બાંધીતેણીને ગર્ભવતી બનાવી બાળકને જન્મ આપેલ છે અને તેમ કરી ઇ.પી.કોડ કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ ૪ અને ૬ અન્વયેનો સજાપાત્ર ગુન્હો

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

કરેલો છે હોવાનું પુરવાર થાય છે. જયારે ઇ.પી.કોડની કલમ ૫૦૬(૨) મુજબ ભોગબનનારને આરોપીએ કોઇ ધમકી આપેલ હોય અને તે ધમકીના કારણે ભોગબનનાર પોતાનું રોજીદું કામ કરી શકતા ન હોય અને ભયના ઓઠા હેઠળ જીવતા હોય તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નં. ૨ અન્વયે ઇ.પી.કોડની કલમ-૫૦૬(૨) પુરતો જવાબ ''નકાર'' માં ઠરાવું છું.

**(૪૭)** વધુમાં, આરોપી વિરૂધ્ધ પોકસો એકટની કલમ- ૪ અને ૬ અન્વયે સજાપાત્ર ગુન્હા અન્વયે તહોમત છે. આરોપીએ ભોગબનનાર સાથે સંભોગ કરેલાનું ફરિયાદપક્ષે યોગ્ય અને ગ્રાહ પુરાવાથી પુરવાર કરેલાનું માની આ અદાલતે ઠરાવેલ છે. પોકસો એકટની જોગવાઇ પણ હાલના કિસ્સામાં ભોગબનનારની ઉંમર તેમજ ગુનો બન્યાનો સમય ધ્યાને લેતાં લાગુ પડે છે. આ કામે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષથી નીચેની છે અને ગુનો તા. ૨/૦૫/૨૦૨૩ ના રોજ બનેલો છે, જેની ફરિયાદ તા. ૨૫/૦૫/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે. પોકસો એકટ તા. ૨૦/૦૬/૨૦૧૨ થી અમલમાં આવેલ છે. **પોકસો એકટની કલમ-૩** વંચાણે લઇએ તો તેમાં ''**બળાત્કાર**'' તેવા કોઇ શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ નથી, પરુતં ''**જાતીય હુમલો**'' તેવા શબ્દો વાપરવામાં આવેલ છે. **પોકસો એકટની કલમ-૨૯** નું અનુમાન તે હાલના કિસ્સામાં આરોપી સામે લાગુ પડે છે, તે કલમ નીચે મુજબ છે ?

**<u>કલમ-૨૯ : નિશ્ચિત ગુનાઓનું અનુમાન</u> :-**

''જયારે કોઇ વ્યકિત, આ અધિનિમયની કલમ-૩,૫,૭ અને ૯ અન્વયેના કોઇપણ ગુનો કરવાનો અથવા મદદ કરવાનો અથવા પ્રયત્ન કરવાની કાનૂની કાર્યવાની વિશેષ અદાલત, કિસ્સાનુસાર જે કેસની તકરારને સાબિત ન કરે ત્યાં સુધી અન્યથા, આવી

વ્યકિતએ ગુનો કર્યો અથવા મદદગારી કરી અથવા પ્રયત્ન કર્યો છે, એવું અનુમાન કરશે.''

(૪૮) પોકસો એકટની કલમ અન્વયે જો કોઈ વ્યકિત કલમ–૩(એ) અન્વયે કોઈ વ્યકિત પોતાના શિશ્નને કોઈ બાળની યોનિમાં નાંખે તો તેને કલમ–૩ અન્વયેનો ગુનો સંપુર્ણ કરી કલમ–૪ અન્વયે સજાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરે છે. કલમ–૨(ડી) વંચાણે લેતાં, ૧૮ વર્ષથી નીચેની વ્યકિતને બાળક ગણવામાં આવે છે અને તે કિસ્સામાં સંમતિ કે અસંમતિનો પ્રશ્ન અસ્થાને રહે છે. આ કામે ફરિયાદપક્ષના પુરાવામાં કરેલ ચર્ચા મુજબ આરોપીએ ભોગબનનારની યોનિમાં તેના શિશ્નનો પ્રવેશ કરાવી ''Penetrative Sexual Assault'' કરેલાનું પ્રસ્થાપિત કરેલ હોય ત્યારે પોકસો એકટ પ્રમાણે વધુ વિચારણા કરવાનું કારણ જોઈએ તો, પોકસો એકટની કલમ–૪૨ નીચે મુજબ છે.

**42. Alternative Punishment** :-
1[Where an act or omission constitutes an offence punishable under this Act and also under sections 166A, 354A, 354B, 354C, 354D, 370, 370A, 375, 376, 376A, 376C, 376D, 376E or section 509 of the Indian Penal Code (45 of 1860), then, notwithstanding anything contained in any law for the time being in force, the offender found guilty of such offence shall be liable to punishment under this Act or under the Indian Penal Code as provides for punishment which is greater in degree.]

**In case of Bishal Lamgadey V/s State of Sikkim,reportedin 2016 Criminal Law Journal 3443,** wherein it is held that:-

"Article.20(2) of Constitution of India. Double jeopardy. Accused prosecuted under IPC and POCSO Act for offence or rape. Cannot be convicted and sentenced under the provision of both Acts. Amounts to double jeopardy. Hence, sentence imposed under POCSO Act is liable to be set aside"

(૪૯) આ કલમ ધ્યાને લેતાં, જો આરોપી બન્ને ગુના માટે તકસીરવાન ઠરે ત્યારે બેમાંથી જે કિસ્સામાં વધુ સજા થઇ શકે તે મુજબ સજાને પાત્ર આરોપી ઠરશે. આ મુદા પૂરતો પુરાવો જોઇએ તો, એવો સ્પષ્ટ પુરાવો ભોગબનનારે આપેલ છે કે, જે સામાન્ય સંજોગોમાં મળી આવતો નથી. આ કામે ભોગબનનારે તેની સોગંદ ઉપરની જુબાનીમાં "**આરોપી મને અમદાવાદ ભઠ્ઠામાં મજુરી કામે લઈ ગયેલ, જયાં ઇંટોના ભઠ્ઠામાં પંદરેક દિવસ સુધી રોકાયેલ, ત્યારબાદ અમો ગોળા મુકામે રણજીતભાઇ ઉર્ફે ચકાભાઈ પટેલના કુવા ઉપર મજુરી કરવા માટે આવેલા અને ત્યાં અમો પાંચ મહીના રોકાયેલા અને ત્યારબાદ અમો જુનીનગરી તા. વડગામ મુકામે ગણેશભાઇના કુવા ઉપર ગયેલા અને ચકાભાઈના ખેતરે અમો ઓરડીમાં રહેતા અને ગણેશભાઈના કુવા ઉપર પણ અમો ઓરડી બનાવીને રહેતા હતા. અમોગવળા તેમજ જુનીનગરી ગામે રહેતા હતા તે દરમ્યાન આરોપીએ મારી સાથે મારી મરજી વિરૂધ્ધ બદકામ કરતો હતો. ગણેશભાઈના કુવા ઉપર અમો ત્રણથી ચાર મહીના સુધી રોકાયેલા હતા. તે દરમ્યાન મને શરીરમાં દુખાવો થતાં મને રેવાભાઇ તેમજ ભેમાભાઇ ખેરાલુ પ્રાઈવેટ હોસ્પિટલમાં લઇને ગયેલા. હાલ મને દવાખાનાનું નામ યાદ નથી અને ત્યાં મારે એક બાળકનો જન્મ થયેલો, જેનું નામ ભાવેશ નામ રાખેલું છે. આ ભાવેશ હાલ મારી જોડે છે તેમજ હાલ કોર્ટમાં મારા માતા**

**પિતા પાસે છે. ત્યારબાદ હું મારા માતા પિતાને ત્યાં આવી ગયેલી. ત્યારબાદ હુંફરીથી આ કામના આરોપી સાથે મીલનભાઇ ચૌધરીના જલોત્રા મુકામે આવેલ કુવા ઉપર ગયેલી, ત્યાં અમો ત્રણથી ચાર મહીના રોકાયેલા અને આરોપી મારી સાથે મીલનભાઇના કુવા ઉપર પણ બદકામ કરતો હતો.''**

**(૫૦)** ઉપરોકત ચર્ચાને અંતે જયારે અત્રેની અદાલતે પડેલ મૌખિક પુરાવો, દસ્તાવેજી પુરાવો તેમજ બન્ને પક્ષ તરફે રજૂ થયેલ કાયદાકીય વિભાવનાને આધારે આરોપી વિરૂધ્ધ મુદા નં. ર માં જણાવેલ ગુનો ફરિયાદપક્ષે નિ:શંક પણે પુરવાર કરેલ હોવાનું માનેલ છે. ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કોડની કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(ર)(એન),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ ૪ અને ૬ અન્વયે સજાપાત્ર ગુનો શંકારહિત પુરવાર કરેલ છે તેવું ફરાવી મુદ્દા નં. ર નો નિર્ણય ''હકાર'' માં ઠરાવી આરોપીને ૩૬૩,૩૬૬,૩૭૬(ર)(એન),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ ૪ અને ૬ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(૫૧)** આ કામે આરોપીને જયારે તકસીરવાન ઠરાવેલ છે ત્યારે તેઓને સજા અંગે સાંભળવા માટે કામ મુલત્વી રાખવામાં આવે છે.

| | |
|---|---|
| મુકામ : પાલનપુર<br>તારીખ : ૦૮/૦૪/૨૦૨૬ | **(અમિત જે. કાનાણી)**<br>સ્પેશ્યલ (પોકસો) અને<br>બીજા એડીશનલ સેશન્સ જજ,<br>બનાસકાંઠા–પાલનપુર<br>(કોડ નં. જી.જે.૦૦૬૬ર) |

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

**<u>બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) હેઠળ સજા અંગે સાંભળવા માટે :–</u>**

(૫૨) સજા કરતાં અગાઉ આરોપી તરફે વિ. ડે. ચીફ લીગલ એઇડ ડિફેન્સ કાઉન્સેલ શ્રીમતી જે.એચ. દવે તથા ફરિયાદપક્ષ તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયાને સાંભળ્યા.

(૫૩) વિ. એડી.પી.પી.શ્રી ડી.એચ.છાપીયા ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી સામેના ગુન્હાની ગંભીરતા અને બનાવ જે રીતે બનેલ છે તે સંજોગો ધ્યાને લઇ, આરોપીને ગુનાની મહત્તમ સજા કરતાં ઓછી સજા કરવા માટે કોઇ વ્યાજબી, ન્યાયિ અને ખાસ કારણો જણાતા નથી. તેઓએ વધુમાં, રજુઆત કરેલ છે કે, હાલમાં દિન પ્રતિ દિન સગીર બાળાઓ સાથે દુષ્કૃત્યના બનાવોમાં વધારો થવા પામેલ છે અને હાલના કિસ્સામાં બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૬ વર્ષથી નીચેની એટલે કે તદન નાજુક ઉંમરની હતી, જેથી સમાજમાં દાખલો બેસે તે રીતે આરોપીને સખ્ત સજા ફરમાવવી જોઇએ અને કાયદામાં નિર્દ્રેષ્ટ કરેલ મહતતમ સજા ફરમાવવી જોઇએ અને આ કેસના કામે જે પુરાવો આવેલ છે તે અનુસાર તદન હીનકક્ષાનું દુષ્કૃત્ય આરોપીએ આચરેલ હોય મૃત્યુદંડની સજા કરવી જોઇએ અને સાથે સાથો સાથ વળતરની રકમ પણ એવોર્ડ કરવી જોઇએ.

(૫૪) આરોપી તરફે વિ. ડે. ચીફ લીગલ એઇડ ડિફેન્સ કાઉન્સેલ શ્રીમતી જે.એચ.દવે ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીની હાલમાં ૨૦ વર્ષની ઉંમરના યુવાન વયના છે અને તેઓની સામેનો આ પ્રથમ ગુન્હો છે. આરોપી ગરીબ મજુર આદીવાસી વર્ગના ઇસમ છે અને ભોગબનનાર અને તેના બે બાળકોના ભરણપોષણની જવાબદારી આરોપીના શીરે છે અને તેમના કુટુંબના આધાર સ્તંભ છે અને અગાઉ કોઇ ગુનામાં

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.

સંડોવાયેલા નથી અને જેથી ઉપરોકત સંજોગો ધ્યાને લઇ આરોપીને કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવેલ છે તેના કરતાં ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૫૫) ઉભયપક્ષની દલીલ સાંભળી. આ કામની હકીકત જોતાં, આરોપી ૨૦ વર્ષની ઉંમરના છે અને તેઓએ ભોગબનનાર જે સગીર વયની ઉંમરની છે તેને તેના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, પોતાની પ્રેમ જાળમાં ફસાવી તેણીનું અપહરણ કરી અમદાવાદ, ગોળા, જુનીનગર, જલોત્રા તેમજ પાટણ મુકામે લઇ જઇ પોતાના કબજામાં રાખી  તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ બળજબરીપુર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કૃત્ય આચરી બળજબરીપુર્વક જાતીય હુમલો અને જાતિય પ્રવેશ હુમલો કરેલ છે અને જેના કારણે ભોગબનનારને બાળકનો જન્મ થયેલ છે. ભોગબનનાર સગીર વયની હોઇ પોતાનું સારૂ નરસું સમજી શકે તેટલી વિવેકબુધ્ધી ધરાવતી નથી, અને આરોપી પુખ્ત વયનોછે અને તેનું આ કૃત્ય તે જાતિય વૃત્તિ નથી પરંતું વાસનાથી વિશેષ અધમ કૃત્ય ગણાય અને તેવી વ્યકિત અને પશુ વચ્ચે તફાવત ન રહે. એક જવાબદાર નાગરિક તરીકે ભોગબનનારની સાર સંભાળ રાખવાની તેની ફરજ હોવા છતાં તેણે જ તેની સાથે આવું ગુન્હાહિત કૃત્ય કરેલ છે. ભોગબનનાર જેની પાસે રક્ષણની અપેક્ષા રાખતી હતી તેણે જ આવું દુકૃત્ય કરેલ છે અને કુમળી વયની બાળકી સાથે પોતાની વાસના સંતોષવા આવું જધન્ય કૃત્ય કરેલ છે, આવી વ્યકિતને ઓછી સજા કરી સમાજમાં છૂટી મુકવામાં આવે તો સમાજમાં અન્ય દિકરીની પણ સલામતી જોખમાય. હાલના આરોપીનું કૃત્ય જોતાં તેણે સભાનપણે ઈરાદાપુર્વક કૃત્ય કરેલ છે. તે સંજોગોમાં આરોપી પ્રત્યે સહજ પણ દયા રાખી શકાય તેમ નથી. આરોપીનું કૃત્ય કોઇ પણ રીતે સહજ પણ દયા માટે પાત્રતા ધરાવતું નથી. નામદાર સુપ્રિમકોર્ટે **સ્ટેટ**

<u>**ઓફ કર્ણાટક વિરૂધ્ધ પુત્તારાજા એ.આઇ.આર. ૨૦૦૪ સુ.કો. પાના નં. ૪૩૩**</u> ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

"A rapist not only causes physical injuries but more indelibly leaves a scar on the most cherished possession of a women i.e. her dignity, chastity, honour and reputation. The depravation of such animals in human form reach the rock bottom of morality when they sexually assault children, minors and like the case at hand, a woman in the advance stage of pregnancy."

(૫૬) તે સિવાય નામદાર સીકકીમ હાઇકોર્ટનું <u>Bishal Lamgadey S/o Late Dal Bahadur Lamgadey **(supra)**</u> નો ચુકાદો વંચાણે લેતાં, આરોપીને ઇ.પી.કોડની કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩) અને પોકસો એકટની કલમ– ૪,૬ અને ૧૮ પૈકી કોઇપણ એક ગુનો કે જેમાં વધુ સજાની જોગવાઇ હોય તેમાં સજા કરવી જોઇએ તેવી જોગવાઇ છે. પોકસો એકટની કલમ–૪ અન્વયે ઓછામાં ઓછી સજા સાત વર્ષ અને પોકસો એકટની કલમ–૬ અન્વયે તા. ૧૬/૦૮/૨૦૧૯ ના સુધારા પછી ઓછામાં ઓછી સજા ૨૦ વર્ષ અને આજીવન કારાવાસ સુધીની સજાની જોગવાઇ છે, જયારે ઇ.પી.કોડની કલમ–**૩૭૬(૩)** વંચાણે લેતાં કોઇપણ વ્યકિત ૧૬ વર્ષથી નીચેની ઉંમરની સ્ત્રી ઉપર બળાત્કાર કરે તેને ૨૦ વર્ષથી ઓછી નહી તેવી સખ્ત કેદની સજા તે આજિવન કારાવાસની સજા સુધી વિસ્તારી શકાશે. ભોગબનનાર ૧૮ વર્ષથી નીચેની ઉંમરની છે અને તેણી સંમતિ આપવા માટે અસમર્થ હતી તેવી સગીર બાળકી ઉપર આરોપીએ બળાત્કાર કરેલ હોય ઓછામાં ઓછી ૨૦ વર્ષની સખ્ત કેદની સજા તથા આજિવન કારાવાસ કે જે

તેના બાકી રહેલ કુદરતી આયુષ્ય સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો આરોપીએ આચરેલ હોય તે અન્વયે સજા કરવાનું ઠરાવું છું. કારણ કે, બી.એન.એસ.ની કલમ–૬૫ અને પોકસો એકટની કલમ–૬ બન્ને ગુનાઓમાં સજાની જોગવાઇ ધ્યાને લેતાં, બી.એન.એસ.ની કલમ–૬૫ માં સજાની જોગવાઈ વધુ છે.

(૫૭) હાલના કામમાં રેકર્ડ ઉપરની હકીકત મુજબ ભોગબનનાર કે જે માત્ર ૧૪ વર્ષની ઉંમરની બાળકી હોય તે બાળકીને કુખે બીજા બે બાળકોનો જન્મ થયેલ હોય, આમ ચાઇલ્ડ વીથ ચાઇલ્ડ જેવી દુખત પરિસ્થિતિ હાલના કેસમાં પ્રસ્થાપિત થયેલ છે. હાલના કામમાં પડેલ પુરાવા પરથી આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ જેના કારણે બે સંતાનોનો જન્મ થયેલ હોય અને ૧૪ વર્ષની બાળકી જયારે આ રીતે એક પછી એક સંતાનને જન્મ આપે ત્યારે તેની વેદના તેમજ તેની માનસિક પરિસ્થિતિ, અત્રેની કોર્ટ વિચારીને જ ધ્રુજી થાય છે. અત્રેની કોર્ટ તે હકીકત સારીરીતે જાણે છે કે કોઇપણ વળતર આપવામાં આવે તો તે વળતર બાળકીની ડીગ્નીટી અને બાળકીએ ગુમાવેલ પોતાનું બાળપણ પરત લાવી શકતું નથી. હાલના કામમાં ગર્વરમેન્ટ ઓફ ગુજરાત ધ્વારા ગુજરાત વિકટિમ કોમ્પેન્સેશન સ્કીમ–૨૦૧૯ અમલમાં છે અને તેમાં તને સ્કીમમાં પાછળ શેડયુઅલ આપવામાં આવેલ છે અને જે શેડયુલના કલોઝ–૨(પી) માં કોલમ નં. ૩ માં બળાત્કાર માટે મીનીમમ વળતર રૂા. ૪,૦૦,૦૦/– અને મહત્તમ વળતર રૂા. ૭,૦૦,૦૦૦/– છે, અન કોલમ નં. ૧૧ માં જો કોઇ વ્યકિત પ્રેગનેન્ટ થયેલ હોય તો તેના માટે મીનીમમ વળતર રૂા. ૩,૦૦,૦૦૦/– અને મહત્તમ વળતર રૂા. ૪,૦૦,૦૦૦/– છે. વધુમાં, સદરહું શેડયુલના કલોઝ ટુ(પી) માં ફૂટ નોટ લગાવવામાં આવેલ છે અને એ ફૂટ

નોટમાં જો કોઈ સ્ત્રીને સેકસ્યુઅલ એસોલ્ટ થયેલ હોય અને એક કરતાં વધુ શ્રેણી હેઠળ આવરી લેવામાં આવે છે તો તે બાળકીને બંને કેટેગેરીમાં વળતર મળવા પાત્ર થાય છે તેવી નોંધ મારેલ છે. જેથી હાલના કામમાં ઉપરોકત શેડયુલના કલૉઝ-૨(પી) માં કોલમ નં. ૩ જે બળાત્કાર માટે છે તે અને તે રીતે કોમલ નં. ૧૧ માં જે પ્રેગનેન્ટ માટે છે તે બંને કેટેગેરીમાં વળતર મેળવા પાત્ર છે. જેથી અત્રેની કોર્ટનું માનવું છે કે કેટેગેરી નં. ૩ માં મીનીમમ વળતર રૂા. ૪,૦૦,૦૦૦/- અને કેટેગેરી નં. ૧૧ માં મીનીમમ વળતર રૂા.૩,૦૦,૦૦૦/- એટલે કે, રૂા. ૪,૦૦,૦૦૦/- + રૂા. ૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂા. ૭,૦૦,૦૦૦/- જેટલું વળતર અલગ અલગ કેટેગેરીમાં ભોગબનનાર બાળકીને આપવું ન્યાયોચિત જણાય છે. વધુમાં, હાલના કામમાં વિકટિમ કોમ્પેન્સેશન એકટની કલમ- ૯(૫) મુજબ જયારે ભોગબનનાર જે સગીર વયની હોય ત્યારે તેમાં વળતરની રકમ ૫૦ ટકા વધુ આપવી જોઈએ તેવી જોગવાઈ છે. જે લક્ષમાં લેતાં, હાલના કામમાં ભોગબનનારને રૂા. ૭,૦૦,૦૦૦/- માં ૫૦ ટકા રકમ નો વધારો કરતાં રૂા. ૧૦,૫૦,૦૦૦/- કુલ વળતરની રકમ ભોગબનનરાને આપવી ન્યાયોચિત જણાય છે. તે સંજોગોમાં નીચે મુજબનો આખરી આદેશ કરવામાં આવે છે.

## -:: <u>આ ખ રી આ દે શ</u> ::-

૧. આરોપી **રેવાભાઈ રાજાભાઈ કોદારવી,** રહે. કોદારવી ફળી, વાઘડાચા, પેથાપુર, તા. દાંતા, જિ. બનાસકાંઠા નાઓને **ઈ.પી.કોડની કલમ - ૫૦૬(૨)** મુજબના ગુન્હા સબબ **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧)** અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

૨. આરોપી **રેવાભાઇ રાજાભાઇ કોદારવી,** રહે. કોદારવી ફળી, વાઘડાચા, પેથાપુર, તા. દાંતા, જિ. બનાસકાંઠા નાઓને **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨)** અન્વયે **ઈ.પી.કોડની કલમ – ૩૭૬(૩)** મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી **૨૦ (વીસ) વર્ષની સખત કેદની સજા તેમજ રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડની ફરમાવવામાં આવે છે.** જો દંડની રકમ ના ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૩. આરોપી **રેવાભાઇ રાજાભાઇ કોદારવી,** રહે. કોદારવી ફળી, વાઘડાચા, પેથાપુર, તા. દાંતા, જિ. બનાસકાંઠા નાઓને **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨)** અન્વયે **ઈ.પી. કોડની કલમ – ૩૬૩** મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી **૩ (ત્રણ) વર્ષની સખ્ત કેદની સજા ફરમાવવામાં આવે છે, તેમજ રૂા. ૨,૦૦૦/– (અંકે રૂપીયા બે હજાર પુરા)** નો દંડની ફરમાવવામાં આવે છે. જો દંડની રકમ ના ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૪. આરોપી **રેવાભાઇ રાજાભાઇ કોદારવી,** રહે. કોદારવી ફળી, વાઘડાચા, પેથાપુર, તા. દાંતા, જિ. બનાસકાંઠા નાઓને **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨)** અન્વયે **ઈ.પી. કોડની કલમ – ૩૬૬** મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી **૫ (પાંચ) વર્ષની સખ્ત કેદની સજા ફરમાવવામાં આવે છે, તેમજ રૂા. ૨,૦૦૦/– (અંકે રૂપીયા બે હજાર પુરા)** નો દંડની ફરમાવવામાં આવે છે. જો દંડની રકમ ના ભરે તો વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

૫. **પોકસો એકટની કલમ–૪૨** ના કાનૂની પ્રબંધો મુજબ આરોપી વિરૂધ્ધ **ઈ.પી.કોડની કલમ–૩૭૬(૩) તથા ઈ.પી.કોડની કલમ ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪ અને ૬** મુજબના સમાંતર કાનૂની પ્રબંધો હોઈ **ઈ.પી.કોડની કલમ–૩૭૬(૩)** મુજબ જે સજાના પ્રબંધો કરવામાં આવેલ છે તેમાં વધુ સજાના કાનૂની પ્રબંધો ઠરાવેલ હોય તે મુજબ આરોપીને **ઈ.પી.કોડની કલમ–૩૭૬(૩)** મુજબ સજા કરવામાં આવેલ હોઈ, જેથી **ઈ.પી.કોડની કલમ–૩૭૬(૨)(એન)** તથા **પોકસો એકટની કલમ– ૪ અને ૬** મુજબ આરોપીને અલગથી કોઈ સજા કરવામાં આવેલ નથી.

૬. આ કામે સદરહું કેસના સંજોગો ધ્યાને લેતાં, આ કામનાં ભોગબનનારની બનાવ સમયે ઉંમર ૧૪ વર્ષની હોય અને તેણીને આરોપીએ પ્રેગનેન્ટ બનાવી દેતાં તેને બે બાળકો છે તેમજ સદર બનાવથી ભોગબનનારને જે અસર પડેલ હોઈ તે હકીકત ધ્યાને લેતાં, આ કામના ભોગબનનારને **ક્રિં.પ્રો.કોડની કલમ–૩૫૭(એ)** તથા **ગુજરાત વિકટિમ કોમ્પેન્સેશન સ્કીમ–૨૦૧૯** ના વળત બાબતે ઠરાવેલ શેડયુલમાં જે વળતર બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ આ કામની ભોગબનનારને **રૂા. ૧૦,૫૦,૦૦૦/–** (અંકે રૂપીયા દસ લાખ પચાસ હજાર પુરા) આ બનાવનાં સંજોગો ધ્યાને લેતાં વળતર ચુકવવાનું ન્યાયી જણાય છે. તે રીતે ભોગબનનારને **રૂા. ૧૦,૫૦,૦૦૦/–** (અંકે રૂપીયા દસ લાખ પચાસ હાજર પુરા) વળતર પેટે ચુકવવા માટે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાલનપુરને ભલામણ કરવામાં આવે છે અને તે રીતે કચેરીએ આ ચુકાદાની એક નકલ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાલનપુર તરફ મોકલી આપવી.

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

૭. હાલના કામે ઉપરોકત રકમ રૂા. ૧૦,૫૦,૦૦૦/– માંથી ૨૫ ટકા રકમ ભોગબનનારને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવા અને બાકીની ૨૫–૨૫ ટકા રકમ ભોગબનનાર તેમજ તેમના પુત્ર અને પુત્રીના નામે ફીકસ ડીપોઝીટ કરવી તેમજ બાકીની ૨૫ ટકા રકમ ભોગબનનારના નામે ૩ વર્ષ માટે નેશ્નલાઈઝડ બેંકમાં ફીકસ ડીપોઝીટ કરવી અને ભોગબનનારના બંને સંતાનો માટે જે ૨૫–૨૫ ટકા રકમ ફીકસ ડીપોઝીટ કરવામાં આવેલ તે બંને બાળકો મેજર થાય ત્યાં સુધી સદર રકમ ફીકસ ડીપોઝીટ કરવી અને ઉપરોકત ફીકસ ડીપોઝીટ પર વ્યાજ મેળવવા માટે ભોગબનનાર હકકદાર રહેશે. તેમજ ભોગબનનારના બાળકોના અભ્યાસ માટે જો નાણાંની જરૂર પડે તો ડી.એલ.એસ.એ. નો જે તે સમયે સંપર્ક કરી અભ્યાસ માટે રકમ પ્રી–મેચ્યોર ફીકસ ડીપોઝીટ તોડાવવા માટે ગુજરાત વિકટીમ એકટની કલમ–૯(૫) મુજબ હકકદાર રહેશે.

૮. આ કામે વચગાળાના વળતર પેટે જો કોઈ રકમ ચુકવેલ હોય તો તે રકમ મુળ વળતરની રકમમાંથી બાદ કરવાની રહેશે.

૯. **બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૭** મુજબ આરોપીએ તમામ સજાઓ એકી સાથે ભોગવવાની રહેશે.

૧૦. **બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮** મુજબ આરોપીએ કાચા કામના કેદી તરીકે જેટલો સમય જેલમાં રહેલા છે તેટલો સમય સજામાંથી મજરે આપવો.

૧૧. બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**

૧૨. **બી.એન.એસ.એસ. ની કલમ–૪૦૪(૧)** મુજબ આરોપીને આ હુકમની એક નકલ તાત્કાલિક વિના મૂલ્યે આપવી.

આ હુકમ આજરોજ તા. ૮ મી, માહે – **એપ્રીલ,** સને – **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૪/૨૦૨૬
સ્થળ : પાલનપુર.

**(અમિત જે. કાનાણી)**
સ્પેશ્યલ (પોકસો) અને
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા – પાલનપુર
(યુનિક આઇ.ડી.નં.જીજે૦૦૬૬૨)

/**RAVAL**/

**(અમિત જે. કાનાણી)**
**સ્પે.જજ(પોકસો એકટ),પાલનપુર.**